Thursday 20, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૮૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## કપરાડા-નાનાપોંઢા માટે નવી પ્રાંત કચેરી મંજૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૧૯ :** વલસાડ જિલ્લાના કપરાડા અને નવનિર્મિત નાનાપોઢા તાલુકાના નાગરિકો માટે મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા કપરાડા અને નાનાપોઢા તાલુકાનો સમાવેશ કરતી નવી પ્રાંત કચેરીની રચનાને મંજૂરી આપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. કપરાડા વિધાનસભાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી દ્વારા વિસ્તારની વહીવટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નવી પ્રાંત કચેરીની માંગ સાથે સરકાર સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી હતી. તેમના અથાક પ્રયાસો અને સતત રજૂઆતોના પરિણામે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. નવી પ્રાંત કચેરી હેઠળ કપરાડા તાલુકો તથા નાનાપોઢા તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ધરમપુર પ્રાંતનું મુખ્ય મથક ધરમપુર ખાતે જ રહેશે અને તેમાં ધરમપુર તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવી પ્રાંત કચેરી કાર્યરત થતાં કપરાડા અને નાનાપોઢા વિસ્તારના લોકોને વિવિધ મહેસૂલી અને વહીવટી કામગીરી માટે દૂરના સ્થળોએ જવાની જરૂરિયાતમાં ઘટાડો થશે. જમીન સંબંધિત કામગીરી, મહેસૂલ વિભાગની સેવાઓ, સરકારી યોજનાઓનો લાભ, વહીવટી પ્રક્રિયાઓ તેમજ અન્ય શાસકીય સેવાઓ વધુ નજીકથી અને સરળતાથી મળી શકશે. ખાસ કરીને અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકો માટે આ નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. નવી કચેરીના કારણે વહીવટી તંત્ર અને સામાન્ય નાગરિકો વચ્ચેનું અંતર ઘટશે. સ્થાનિક કક્ષાએ વહીવટી કામગીરીને વેગ મળશે અને નાગરિકોની રજૂઆતો તથા પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે વધુ સુવિધાજનક માળખું ઊભું થશે. ગુજરાત સરકારનો આ નિર્ણય કપરાડા અને નાનાપોઢાના વહીવટી સશક્તિકરણ સાથે વિકાસને પણ નવી દિશા આપનાર બની રહેશે. સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી સરળતાથી પહોંચાડવામાં નવી પ્રાંત કચેરી મહત્વની ભૂમિકા ભજવશે. કપરાડા અને નાનાપોઢા વિસ્તારના નાગરિકો માટે 'જનસેવા વધુ નજીક, વહીવટ વધુ સરળ અને વિકાસને વધુ વેગ' આપતી આ નવી પ્રાંત કચેરીની મંજૂરીને મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જોવામાં આવી રહી છે.

## રખોલીના પુલ પરથી નદીમાં કુદી પડતાં બે સગીરા પૈકી એકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૯ :** સેલવાસના રખોલીના નવા પુલ પરથી બે સગીર વયની કિશોરીઓએ બપોરે ૧૨ : ૩૦ કલાકે દમણગંગા નદીમાં છલાંગ લગાવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનામાં એક સગીરાનું પટકાતાં ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય એક સગીરા ગંભીર રીતે ઘવાતાં નમો મેડિકલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, દપાડા વિસ્તારની રહીશ ૧૭ વર્ષીય અને ૧૫ વર્ષીય બે સગીરાઓએ અગમ્ય કારણોસર નદીમાં ઝંપલાવ્યું હતું. નદીમાં પથ્થર પર પટકાતાં બંનેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં ૧૭ વર્ષીય સગીરાનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘવાયેલી ૧૫ વર્ષિય સગીરાને ૧૦૮માં સેલવાસની નમો હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો અને આ પગલું ભરવા પાછળનું સાચું કારણ જાણવા કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### નવા પુલ પર સલામતી અંગે પ્રશ્નો?

આજે બપોરે આ કમનસીબ બનાવ બન્યા બાદ હજુસુધી બંને યુવતીઓની ઓળખ થઈ શકી ન હતી. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે અને બંનેની ઓળખ સહિત તેઓ પુલ સુધી કેવી રીતે પહોંચ્યા તથા ઘટના પહેલાં શું બન્યું હતું તેની તપાસ પ્રત્યક્ષદર્શીઓ અને અન્ય પુરાવા મેળવી હાથ ધરવામાં આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. નવો પુલ જાહેર ઉપયોગ માટે ખુલ્લો મુકાઈ ગયો છે અને વિસ્તારમાં નિયમિત પોલીસ પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે. તેમ છતાં પુલ પર સીસીટીવી કેમેરાની વ્યવસ્થા નથી. ઉપરાંત, સંબંધિત ભાગમાં પૂરતી ઊંચાઈની સુરક્ષાત્મક રેલિંગ અથવા એન્ટી-જમ્પ બેરિયર પણ જોવા મળતા નથી. આ અકસ્માતના કારણ અંગે અટકળો સાથે પુલની સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલો ઊભા થયા છે.

જિલ્લા ફુડ વિભાગ દ્વારા હોટલ-રેસ્ટોરન્ટ્સમાં સઘન તપાસ હાથ ધરાઈ

## વલસાડમાં ભારે ગંદકીથી ૧ પેઢીનું લાયસન્સ સસ્પેન્ડ, બે એકમોને નોટીસ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લાના ફૂડ વિભાગ દ્વારા નાગરિકોને શુદ્ધ, ગુણવત્તાયુક્ત અને સલામત ખાદ્યસામગ્રી મળી રહે તેમજ ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે હેતુથી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી વિવિધ હોટલો, ઢાબા અને રેસ્ટોરન્ટ્સમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓ સામે કાયદેસરના પગલાં લેવામાં આવ્યા છે. તપાસ દરમિયાન મગુમાવાડ સ્થિત 'અન્નપૂર્ણા' પેઢીમાં ભારે ગંદકી અને અસ્વચ્છતા જોવા મળતાં તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી પેઢી નું લાયસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. જયારે તપાસ દરમિયાન જરૂરી દસ્તાવેજો અને આરોગ્યના નિયમોનું પાલન ન કરતી પેઢીઓને ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ આપવામાં આવી છે

અસ્વચ્છતા જણાતા તેમજ પાણીનો ટેસ્ટિંગ રિપોર્ટ, સ્ટાફનું મેડિકલ સર્ટિફિકેટ અને પેસ્ટ કંટ્રોલ રિપોર્ટ રજૂ ન કરી શકતા નોટિસ પાઠવાઈ જેમાં રામદેવ રેસ્ટોરેન્ટ નેશનલ હાઈવે-૪૮, કિલ્લા પારડી અસ્વચ્છતા તથા જરૂરી મેડિકલ સર્ટિફિકેટ, પેસ્ટ કંટ્રોલ અને પાણીનો રિપોર્ટ ન હોવાથી સુધારણા નોટિસ અપાઈ છે.તંત્રની ટીમે હાઈવે તથા આસપાસના વિસ્તારોમાં આવેલી અન્ય પેઢીઓ જેવી કે હોટલ ઓરિઝોન ધરમપુર રોડ , ખોડિયાર હોટલ ધરમપુર ચોકડી, હોટલ વિરામ એન્ડ ટેસ્ટ હાઉસ કિલ્લા પારડી, શ્રી જય મધુબન રેસ્ટોરેન્ટ નનવાડા અને નવાબ કિચન ઢાબા ભિલાડમાં પણ ચકાસણી કરી હતી, જ્યાં સ્વચ્છતા જળવાયેલી જોવા મળી હતી.

ફૂડ વિભાગના જણાવ્યા અનુસાર લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે આગામી દિવસોમાં પણ ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા એકમો સામે આ પ્રકારની સઘન ઝુંબેશ ચાલુ રહેશે.

## વાપીના જાણીતા કન્સલ્ટન્ટનું નિધન : દેહદાન કર્યું

### અંતિમ ઈચ્છા મુજબ મૃતદેહને પરિવાર દ્વારા મેડિકલ કોલેજને અર્પણ કરાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપીના જાણીતા કન્સલ્ટન્ટ અને કેમટચ કન્સલ્ટન્સના સંચાલક બકુલભાઈ પારેખનું આજે હૃદયરોગના હુમલાના કારણે ૭૪ વર્ષની વયે નિધન થયું હતું. અગાઉ તેમણે કરેલા સંકલ્પ મુજબ તેમના પાર્થિવદેહને મેડિકલ કોલેજને અર્પણ કરવામાં આવશે. પરિવારજનો દ્વારા તેમની અંતિમ ઈચ્છાનું સન્માન કરી આજે રાત્રે ૧૦ વાગ્યે પાર્થિવદેહ મેડિકલ કોલેજને અર્પણ કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. મૂળ રાજકોટના વતની બકુલભાઈ પારેખે ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં વાપી નજીક ચંડોળ ગામે આવેલી અમરડાઈ કેમ લિમિટેડ અને KCA લિમિટેડ કંપનીમાં તેમજ કલ્યાણ ખાતેના પ્લાન્ટમાં પ્લાન્ટ ઈજનેર તરીકે ફરજ બજાવી હતી. ત્યારબાદ કંપનીઓ બંધ થતાં તેમણે છેલ્લા આશરે ૪૦ વર્ષથી વાપીમાં કેમટચ કન્સલ્ટન્સ નામે કન્સલ્ટન્સી શરૂ કરી હતી અને વાપી, સરિગામ તથા વલસાડ પંથકની વિવિધ કેમિકલ સહિતની કંપનીઓમાં કન્સલ્ટન્ટ તરીકે સેવાઓ આપી હતી. બકુલભાઈ પારેખ વાપી જીઆઈડીસીના ગુંજન વિસ્તારમાં આવેલા શાંતિનગરમાં જૈન દેરાસર સામે રહેતા હતા. તેઓ વાપી જીઆઈડીસી વિસ્તારના કેમિકલ એન્જિનિયર એસોસિએશનના પ્રમુખ તરીકે પણ સેવા બજાવતા હતા. લાંબા સમયથી ઔદ્યોગિક ક્ષેત્ર સાથે સંકળાયેલા બકુલભાઈ પારેખના નિધનથી તેમના પરિવારમાં તેમજ વાપીના ઉદ્યોગ જગતમાં શોકની લાગણી ફેલાઈ છે.

## સંજાણમાં ઉલ્ટી ગંગા : ચોરોએ જ ફોન કરી પોલીસ બોલાવી!

### જ્વેલર્સમાં ચોરીના ઈરાદે ઘૂસેલા બે ને લોકોએ શટર પાડી પુરી દીધાં




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૯ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સંજાણ ગામે જ્વેલર્સની દુકાનમાં ચોરી કરવા માટે શટર તોડી અંદર ઘૂસેલા બે ચોરોને સ્થાનિક લોકોની સમયસૂચકતાથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ ચોરટાઓએ જ્વેલર્સની દુકાનનું શટર તોડી અંદર પ્રવેશ કર્યો હતો. આ દરમિયાન એક યુવાન જાગી જતા તેણે ચોરો દુકાનમાં પ્રવેશે ત્યાં સુધી નજર રાખી હતી. ત્યારબાદ સ્થાનિક લોકોએ ચોરોને દુકાનની અંદર જ પૂરી દીધા હતા અને બહાર નીકળવાનો રસ્તો બંધ કરી દીધો હતો. ચોરોએ આસપાસના કેટલાક ઘરોના દરવાજાને બહારથી કડી મારી દીધી હોવાનું તેમજ લાઈટના કનેક્શનનો ઉપયોગ કરી શટરનું તાળું તોડ્યું હોવાનું જાણવા મળ્યું છે.

લોકોએ ચોરોને દુકાનમાંથી બહાર નીકળવા ન દીધા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને દુકાનમાં પૂરાયેલા બંને ચોરોને ઝડપી લીધા હતા.

પ્રાથમિક માહિતી મુજબ બંને આરોપીઓ મહારાષ્ટ્ર તરફના હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક લોકોની સતર્કતા અને સમયસૂચકતાના કારણે શટર તોડી ચોરી કરવા આવેલા ચોરટાઓ ચોરી કરતા પહેલાં જ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. લોકોનું ટોળું એકત્રિત થતાં ચોર ઈસમો ગભરાઈ ગયા હતા અને સ્વ બચાવ માટે તેઓએ પણ પોલીસ ને ફોન કર્યો હતો. ઉમરગામ પોલીસે ચોર ઈસમોને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દમણમાં પાંચ દિવસ નારિયળી પૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૯ :** દાદરા અને નગર હવેલી અને દમણ-દીવ વહીવટીતંત્રનો યુવા બાબતો અને રમતગમત વિભાગ નારિયાલી પૂર્ણિમા ૨૦૨૬ રાજ્ય મહોત્સવના ભાગ રૂપે વિવિધ રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરશે. પાંચ દિવસનો આ ઉત્સવ ૨૪ થી ૨૮ ઓગસ્ટ સુધી યોજાશે.

રમતગમત વિભાગ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, બધી રમતગમત સ્પર્ધાઓ નાની દમણના કિલ્લાની અંદર ચર્ચ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. પુરુષોની ઓપન કેટેગરી વોલીબોલ સ્પર્ધા ૨૪ અને ૨૫ ઓગસ્ટના રોજ સવારે ૮:૦૦ વાગ્યે શરૂ થશે. ભાગ લેવા માટે નોંધણી માટેની છેલ્લી તારીખ ૨૧ ઓગસ્ટ છે.

તેમજ, પુરુષો અને મહિલાઓની ઓપન કેટેગરી માટે ટગ ઓફ વોર સ્પર્ધા ૨૮ ઓગસ્ટના રોજ સાંજે ૪:૦૦ વાગ્યે યોજાશે. સ્પર્ધા માટે એન્ટ્રીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૨૫ ઓગસ્ટ છે. આ ઉત્સવ દરમિયાન ૨૮ ઓગસ્ટના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે ચર્ચ ગ્રાઉન્ડ ખાતે એક ખાસ મલ્લખંભ પ્રદર્શન પણ યોજાશે.

## આજે મંત્રી નરેશ પટેલ નવસારી જિલ્લાના પ્રવાસે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૯ :** રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ નવસારી જિલ્લાની મુલાકાતે આવશે.

મંત્રી નરેશભાઈ પટેલ તા. ૨૦-૦૮-૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ન્યુ ગુજરાત પેટર્નના આયોજન અંગે યોજાનારી બેઠકમાં ઉપસ્થિત રહેશે. બેઠક દરમિયાન ન્યૂ ગુજરાત પેટર્ન અંતર્ગત આદિજાતિ વિસ્તારોના વિકાસલક્ષી આયોજન તથા વિવિધ બાબતો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

બેઠક પૂર્ણ થયા બાદ મંત્રીશ્રી નવસારીથી સુરત જવા રવાના થશે.

**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
**www.damangangatimes.com**









## નવસારીના દંડેશ્વરગામે સેવા સેતુ અને સ્કીમ સેચ્યુરેશન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૯ :** નવસારી તાલુકાના દંડેશ્વર પ્રાથમિક શાળા ખાતે નવસારી ગ્રામ્ય તાલુકાનો સેવા સેતુ અને સ્કીમ સેચ્યુરેશન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓ અંગે જાગૃત કરી, દરેક યોજનામાં સેચ્યુરેશન લેવલ હાંસલ થાય અને મહત્તમ લાભાર્થીઓને સરકારી યોજનાઓની સુવિધાઓ મળી રહે તે માટે જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

આગામી તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પિનસાડ ગામે દામોદેશ્વર કોમ્યુનિટી હોલ ખાતે તેમજ તા.૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કોળી પટેલ સમાજની વાડી, ખડસુપા બૉર્ડિંગ, અષ્ટગામ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ખ્ઝત્ભ યોજના અને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત લાભાર્થીઓ આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહી યોજનાનો લાભ મેળવે તે માટે પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ નયનભાઈ પટેલ, જિલ્લા/ તાલુકા પંચાયતના સભ્યઓ, દંડેશ્વર ગામના સરપંચ સોનલબેન નિલેશભાઈ પટેલ તેમજ તાલુકા મહામંત્રી અર્જુનભાઈ રણછોડભાઈ હળપતિ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

## બીલીમોરા સોમનાથ મંદિર શ્રાવણી મેળામાં જલપરી આકર્ષણનું કેન્દ્ર બની



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૯ :** શ્રાવણ માસના પ્રથમ સોમવારે બીલીમોરા, ગણદેવી અને ચીખલી તાલુકાના પાંચ પ્રાચીન મહાદેવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. બીલીમોરાથી આશરે ૧૦ કિ.મી.ના વિસ્તારમાં સોમનાથ મહાદેવ, ગડતના કામેશ્વર મહાદેવ, અમલસાડના અંધેશ્વર મહાદેવ, કછોલીના ગંગેશ્વર મહાદેવ અને ચીખલી તાલુકાના મજીગામના મલ્લિકાર્જુન મહાદેવ મંદિરોમાં વહેલી સવારથી જ શિવભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. શ્રાવણના પ્રથમ સોમવારે ભક્તોએ પાંચેય પ્રાચીન મહાદેવ મંદિરોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિર દક્ષિણ ગુજરાતના દાદા તરીકે જાણીતા છે. મંદિરના સ્વયંભૂ શિવલિંગ પ્રત્યે ભક્તોમાં અપાર શ્રદ્ધા છે. બ્રહ્મમુહૂર્તથી જ મંદિર પરિસર ઘંટારવ અને 'ૐ નમઃ શિવાય'ના મંત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું હતું. દેશ-વિદેશમાંથી આવતા શ્રદ્ધાળુઓએ સોમનાથ દાદાના દર્શન સાથે શ્રાવણી મેળાની પણ મજા માણી હતી. સોમનાથ મંદિર પરિસરમાં શ્રાવણી મેળામાં આ વખતે જલપરીનું આકર્ષણ ખાસ ચર્ચામાં રહ્યું છે. જલપરીને નિહાળવા સહેલાણીઓ અને બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મેળામાં વિવિધ ખાણી-પીણીના સ્ટોલ, રમકડાં, ઘરવપરાશની ચીજવસ્તુઓ સહિતના સ્ટોલ વહેલી સવારથી મોડી રાત સુધી ધમધમતા રહ્યા હતાં. સોમનાથ મહાદેવ મંદિરની આસપાસ ગાયત્રી શક્તિપીઠ, જલારામ મંદિર, બ્રહ્માકુમારી અને સાઈ મંદિર સહિતના ધાર્મિક સ્થળો પણ આવેલા હોવાથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બન્યો હતો. બીજી તરફ ગણદેવી તાલુકાના ગડત ગામે રામાયણ યુગ સાથે જોડાયેલી લોકવાયકા ધરાવતું કામેશ્વર મહાદેવ મંદિર, અમલસાડનું અંધેશ્વર મહાદેવ, કછોલી ખાતે અંબિકા નદી કાંઠે આવેલું ગંગેશ્વર મહાદેવ અને ચીખલીના મજીગામમાં તળાવની પાળે આવેલું મહાભારત યુગ સાથે જોડાયેલું મલ્લિકાર્જુન મહાદેવ મંદિર પણ ભક્તોના આસ્થાકેન્દ્ર બન્યા હતાં.

આ પાંચેય પ્રાચીન શિવાલયોની સાથે નીલકંઠ મહાદેવ, ધનેશ્વર મહાદેવ, સિદ્ધનાથ મહાદેવ સહિત ગામેગામ પ્રાચીન અને અર્વાચીન શિવમંદિરોમાં પણ શ્રાવણના -થમ સોમવારે ભક્તોએ પૂજા-અર્ચના કરી હતી. શ્રાવણના પવિત્ર માસમાં સમગ્ર પંથક 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યો હતો.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૦-૦૮-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** શ્રાવણ, આઠમ, **સૂર્યોદય :** ૦૬ : ૨૧ **સૂર્યાસ્ત** ૦૭ :૦૪, **ચંદ્રોદય** - ૦૧:૧૬ **ચંદ્રાસ્ત** - ૧૨:૦૨ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - વિશાખા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે મધ્યમ ફળદાયી રહેશે. કાર્યક્ષેત્રમાં સહયોગીઓનો સાથ મળશે. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે. જોકે, બપોર પછી માનસિક ચિંતા કે ઉતાવળમાં કોઈ નિર્ણય લેવાનું ટાળવું.

**વૃષભ(બ.વ.ઉ) :** ગુરુપૂર્ણિમાના સંયોગથી આપના માટે આજનો દિવસ અત્યંત શુભ અને લાભદાયી છે. ભાગ્યનો પૂરો સાથ મળશે. અટકેલા કાર્યો પૂરા થશે.

**મિથુન(ક.છ.ઘ) :** વાણીની સોમવાર કે આજની સ્થિતિમાં નમ્રતા રાખવી જરૂરી છે. વેપાર અને વ્યવસાયમાં સાવધાન રહેવું. અચાનક ખર્ચ વધવાની સંભાવના છે. સ્વાસ્થ્ય બાબતે બેદરકારી ન રાખવી.

**કર્ક(ડ.હ) :** સૂર્ય અને ગુરુની યુતિ તથા ચંદ્રની દ્રષ્ટિથી આપની આવકમાં ગતિ આવશે. દાંપત્યજીવનમાં ખુશીઓ આવશે.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ ધૈર્ય અને સંયમ રાખવાનો છે. શુક્રનું નક્ષત્ર બદલાવ તમારા માટે થોડું પડકારજનક હોઈ શકે છે, જેથી ખર્ચા પર કાબૂ રાખવો અને દેખાડાથી દૂર રહેવું.

**કન્યા(પ.ઠ.ણ.) :** વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક કાર્યો સાથે જોડાયેલા જાતકો માટે ઉત્તમ દિવસ છે. સંતાન પક્ષ તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે. માતા-પિતાના આશીર્વાદથી કાર્યો સફળ થશે.

**તુલા (ર.ત.) :** આપના માટે આજનો દિવસ લાભ અને ખુશીઓ લઈને આવ્યો છે. મિલકત કે વાહન સુખ મળવાના યોગ છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ સાહસ અને પરાક્રમથી ભરેલો રહેશે. ભાઈ-બહેનોનો સહયોગ મળશે. ટૂંકી મુસાફરી થઈ શકે છે જે ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે પરંતુ પારિવારિક બાબતોમાં સાવધાની રાખવી. બોલતી વખતે શબ્દો પર સંયમ રાખો જેથી કોઈ વિવાદ ન થાય.

**મકર(જ.ખ) :** ચંદ્ર તમારી જ રાશિમાં બિરાજમાન હોવાથી શિસ્ત અને જવાબદારી વધશે. વેપારમાં અદ્ભુત તરક્કી અને ધનલાભના યોગ છે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ ખર્ચાળ સાબિત થઈ શકે છે. વિદેશ કે દૂરના સ્થળેથી વેપારમાં કોઈ સારા સમાચાર મળી શકે છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આવકના નવા સ્ત્રોત ઊભા થશે. મિત્રો અને સ્વજનો સાથે સારો સમય પસાર થશે. જો તમે નોકરી બદલવા માંગતા હોવ તો યોગ્ય તક મળી શકે છે.

## વાંસદામાં કલેક્ટરનું ગ્રાઉન્ડ ઈન્સ્પેક્શન

### ALIMCO કેમ્પમાં ૯૩૨ લાભાર્થીઓનું એસેસમેન્ટ, ઝરીમાં જર્જરિત મકાનો તોડી પાડવા કડક આદેશ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૯ :** નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી અને પ્રાયોજના વહીવટદાર સ્વપ્નીલ સિસેલ સાથે વાંસદા તાલુકાની મુલાકાત લઈ વિવિધ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. વાંદરવેલા પ્રાથમિક શાળા ખાતે દિવ્યાંગજનો અને વયોવૃદ્ધોને સહાયક સાધનો પૂરા પાડવા યોજાયેલા ALIMCO એસેસમેન્ટ કેમ્પની મુલાકાત લઈ તેમણે નોંધણી તથા દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા ઝીણવટપૂર્વક તપાસી હતી. આ કેમ્પમાં નોંધાયેલા કુલ ૧,૪૧૫ લાભાર્થીઓ પૈકી બપોરે 3:00 વાગ્યા સુધીમાં ૭૪૧ વરિષ્ઠ નાગરિકો અને ૧૯૧ દિવ્યાંગો મળી કુલ ૯૩૨ લાભાર્થીઓનું સફળતાપૂર્વક એસેસમેન્ટ પૂર્ણ કરવામાં આવ્યું હતું. દસ્તાવેજી ખામી ધરાવતા અરજદારોને પણ આગામી તબક્કે લાભ મળે તે માટે કલેક્ટરે પ્રાંત અધિકારીને તાત્કાલિક પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના આપી હતી.

ત્યારબાદ કલેક્ટરે ઝરી ગ્રામ પંચાયતની મુલાકાત લઈ ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા અને તેના સમયબદ્ધ નિરાકરણની ખાતરી આપી હતી. ગામની સ્થિતિની સમીક્ષા દરમિયાન કલેક્ટરે સરપંચ અને તલાટી-કમ-મંત્રી પાસેથી વિગતો મેળવી ગામમાં આવેલા તમામ જર્જરિત અને જોખમી સરકારી મકાનોનું તાકીદે ડિમોલિશન કરવાના કડક આદેશ આપ્યા હતાં. સમગ્ર મુલાકાત દરમિયાન વાંસદા પ્રાંત અધિકારી ભાર્ગવ માહાલા સહિત તાલુકા અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ડાંગમાં તાલુકાકક્ષાની જમીન દફતર કચેરીઓ તાત્કાલિક શરૂ કરવાની માંગ

### આહવા, વઘઈ અને સુબિરમાં કચેરીઓ કાર્યરત કરવાની માંગ, આહવા કચેરીમાં નકલો અને સ્વચ્છતાની સમસ્યા અંગે પણ રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૯ :** ડાંગ જિલ્લા કૉંગ્રેસ સમિતિનાં IT CELL પ્રમુખ મનિષભાઈ કે. મારકણાએ ડાંગ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી આહવા, વઘઈ અને સુબિર ખાતેની જમીન દફતર નિરીક્ષકની તાલુકા કક્ષાની કચેરીઓ તાત્કાલિક ધોરણે કાર્યરત કરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક RD/MIS/e-file/15/2026/ 0461/H(D), તા. ૦૧/૦૬/૨૦૨૬ મુજબ લોકોને જમીન દફતર અને રેકોર્ડ સંબંધિત સેવાઓ જિલ્લા કક્ષાએ જવાને બદલે તાલુકા કક્ષાએ મળી રહે તે હેતુથી તાલુકા કક્ષાએ જમીન દફતર નિરીક્ષકની કચેરીઓ શરૂ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

ડાંગ જિલ્લામાં આહવા જિલ્લા સેવા સદનના ગ્રાઉન્ડ ફ્લોર, વઘઈ તાલુકા સેવા સદનના બીજા માળ અને સુબિર તાલુકા સેવા સદનના બીજા માળે કચેરી માટે જગ્યા ફાળવવામાં આવી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.જગ્યા ફાળવાઈ હોવા છતાં કચેરીઓ સંપૂર્ણપણે કાર્યરત ન હોવાને કારણે -જાજનોને જમીન સંબંધિત કામગીરી માટે મુશ્કેલી પડી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેથી તમામ તાલુકા કક્ષાની કચેરીઓ તાત્કાલિક શરૂ કરી લોકોને સમયસર સેવાઓ મળે તેવી માંગ કરવામાં આવી છે.

શૌચાલયમાં ગંદકીના કારણે તે બંધ કરી તાળું મારવામાં આવ્યું હોવાને કારણે અરજદારો સહિત સામાન્ય લોકોને મુશ્કેલી પડતી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. કચેરીમાં નિયમિત સફાઈ કરાવી શૌચાલયને ફરી ઉપયોગ માટે ખુલ્લું મૂકવાની માંગ કરવામાં આવી છે.રજૂઆતમાં કચેરીની કામગીરી, કર્મચારીઓની હાજરી તથા અરજદારો દ્વારા કરવામાં આવેલી RTI અને જિલ્લા ફરિયાદોની અરજીઓ અંગે પણ યોગ્ય તપાસ કરી જવાબદારો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. અંતમાં, આહવા, વઘઈ અને સુબિરની જમીન દફતર નિરીક્ષક કચેરીઓ તાત્કાલિક શરૂ કરવામાં નહીં આવે તો સંબંધિત કચેરીઓ ખાતે વિરોધ પ્રદર્શન અને ધરણાં કરવાની ચીમકી આપવામાં આવી છે. આ અંગેની જવાબદારી જિલ્લા પ્રશાસનની રહેશે તેવી રજૂઆતમાં જણાવાયું છે.

## દમણ રેડિયો

102.3 FM

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

### તાલુકા મેજિસ્ટ્રેટની અધ્યક્ષતામાં પો. ઈન્સ્પેક્ટર વિના

## ખેરગામમાં શાંતિ સમિતિની બેઠક મળી



(દમણગંગમ ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૧૯ :** ખેરગામ તાલુકો બન્યાને ૧૨ વર્ષ થયા પરંતુ ખેરગામ તાલુકાના આગેવાનો, અગ્રણી નાગરિકો સંસ્થા, પત્રકારો કે મંડળોને ખાસ બેઠકમાં આમંત્રણ આપવામાં તંત્રો નિષ્ક્રિય છે. જેમાં શાંતિ સમિતિની બેઠકમાં તાલુકા મેજિસ્ટ્રેટ જ અધ્યક્ષ હોવા જોઈએ પણ છેલ્લા કેટલાક વર્ષમાં પીએસઆઈ જ બેઠક બોલાવે છે. તારીખ ૧૩ ઓગસ્ટના રોજ સાંજે ચાર વાગે ગણેશ ઉત્સવ અંગેની શાંતિ સમિતિનો સંદેશ વૉટ્સઍપ દ્વારા પોલીસ તંત્રએ ખેરગામના કેટલાક ગણેશ મંડળને મોકલ્યો હતો અને શાંતિ સમિતિની બેઠક યોજી હતી, જે અંગે સેવા સદનમાંથી પ્રશ્ન ઉઠતા તાલુકા મેજિસ્ટ્રેટ દ્વારા ફરીથી શાંતિ સમિતિની બેઠકનું આયોજન ૧૮/૮ એ સવારે ૧૧:૦૦ વાગે થયું હતું.

મામલતદાર અને તાલુકા મેજિસ્ટ્રેટ વી.સી. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી શાંતિ સમિતિની બેઠકમાં તાલુકાભરમાથી મંડળ, પ્રતિનિધિઓ આવ્યા હતા.

સેવા સદનના સભાખંડમાં યોજાયેલી સભામાં કોને ક્યાં બેસાડવા એની કોઈ વ્યવસ્થા ન હતી. પંચાયત સભ્ય કે સરપંચ મહિલા સામસામે હતા કહેવાતો પત્રકાર એકદમ નજીક હતો જ્યારે ખેરગામ સનાતન રામોત્સવ મંડળના પ્રમુખની બેઠક અનામત ન હોય બાજુમાં બેઠા હતાં. બિનજરૂરી વ્યક્તિઓ ટેબલ ફરતે ગોઠવાઈ ગયા હતા. જેથી ખેરગામ ગામના આગેવાન નાગરિકો હોદ્દેદારો પદાધિકારીઓ અને પત્રકારો માટે બેઠકમાં યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ એવો સૂર વહેતો થયો હતો.

કેટલાક નશા કરી જુગાર વિગેરે રમી ગણેશ મંડપમાં મધરાત સુધી સંગીત વગાડી શાંતિ ન્-ય આજુબાજુની પ્રજાને હેરાન કરે છે જે બદ-વૃત્તિ અટકાવવા માટે અનુરોધ કર્યો હતો. ખાસ કરીને ડીજે - ડિસ્ક જોકીના બેફામ ઘોંઘાટ ભર્યા ત્રાસદાયક અવાજ સામે વહીવટી તંત્ર જરૂરી પગલા ભરશે જણાવી દરેક મંડળના પ્રતિનિધિને વ્યક્તિગત કચેરીમાં મળવાનો આગ્રહ મેજિસ્ટ્રેટ સાહેબે વ્યક્ત કર્યો હતો. સાથે ડીજે સંચાલકને પણ બોલાવી બધા પાસે લેખિતમાં નિયમોના પાલન માટે બાહેધરી લેવાનો વિચાર વ્યક્ત કર્યો હતો. ગણેશ વિસર્જનમાં પણ જરૂરી પ્રકાશ વ્યવસ્થા સલામતી માટે તરવૈયા વિગેરે માટે મંડળે રજૂઆત કરતા મામલતદાર સાહેબ જરૂરી ગોઠવણ કરવાની ખાતરી આપી હતી. મામલતદારએ સૌનો અભિપ્રાય સૂચનો લઈને વહીવટી તંત્ર જરૂરી કાર્યવાહી કરશે તેમ જણાવ્યું હતું.

## વાંસદા સરકારી કોલેજમાં સાઈબર સુરક્ષા જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા. ૧૯ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, વાંસદા ખાતે તા. ૧૮/૦૮/ ૨૦૨૬, મંગળવારના રોજ કોલેજના આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રી સાહેબના માર્ગદર્શન હેઠળ કોલેજની IQAC કમિટી, સપ્તધારા અંતર્ગત સમુદાય સેવા ધારા તથા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગના સંયુક્ત ઉપક્રમે 'સાઈબર સુરક્ષા જન જાગૃતિ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું.




આ પ્રસંગે વાંસદા પોલીસ સ્ટેશનના PSI એસ. વી. ચોસલા સાહેબ, પોલીસ કોન્સ્ટેબલ હેતલબેન પટેલ, વાંસદા પંથકના સામાજિક કાર્યકર્તા તથા એડવોકેટ પ્રદ્યુમ્નસિંહજી સોલંકી, લીગલ એડવોકેટ અંજનાબેન ગાયકવાડ, રોયલબેન તથા ચિન્ટુભાઈ બી. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં. મહેમાનોનું કોલેજ પરિવાર દ્વારા શાબ્દિક સ્વાગત તથા પુષ્પગુચ્છ અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તથા સમૂહ પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય વક્તા PSI એસ. વી. ચોસલા સાહેબે વિદ્યાર્થીઓને સાઈબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આપણે આજે ડિજિટલ ક્રાંતિના યુગમાં જીવી રહ્યા છીએ. તેમણે સાઈબર ગુનાઓમાં લોકોને ફસાવવા માટે ઉપયોગમાં લેવાતા મુખ્ય બે જોખમો 'લાલચ અને ડર'નાં વિવિધ ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને સાવચેત કર્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ સાઈબર સુરક્ષા અંગે વધુ જાગૃત બની પોતે સુરક્ષિત રહેવા તેમજ પોતાના પરિવાર અને સમાજને પણ જાગૃત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. નિમુબેન એસ.ચૌધરીએ કર્યું હતું.

## સુડોકુ નં.૬૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 1 | | | | 9 | 8 | |
| | 3 | | 5 | | 1 | | 7 | |
| | | 9 | | 3 | | 6 | | |
| | | 2 | 3 | 7 | 8 | 1 | | |
| | | | | | | | | |
| | | 4 | 6 | 1 | 5 | 3 | | |
| | | 7 | | 6 | | 5 | | |
| | 1 | | 4 | | 7 | | 9 | |
| | 2 | 8 | | | | 7 | 1 | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૫૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 3 | 4 | 2 | 9 | 7 | 1 | 6 |
| 1 | 4 | 6 | 3 | 7 | 5 | 2 | 8 | 9 |
| 2 | 9 | 7 | 8 | 1 | 6 | 5 | 4 | 3 |
| 3 | 6 | 5 | 2 | 8 | 4 | 1 | 9 | 7 |
| 4 | 8 | 2 | 1 | 9 | 7 | 3 | 6 | 5 |
| 9 | 7 | 1 | 6 | 5 | 3 | 8 | 2 | 4 |
| 7 | 3 | 8 | 9 | 4 | 1 | 6 | 5 | 2 |
| 5 | 2 | 4 | 7 | 6 | 8 | 9 | 3 | 1 |
| 6 | 1 | 9 | 5 | 3 | 2 | 4 | 7 | 8 |

## આહવામાં આજે રોજગાર ભરતી મેળો યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ)**

**આહવા, તા. ૧૯ :** ડાંગ જિલ્લાના ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓ દ્વારા રોજગાર ભરતી મેળાના માધ્યમથી ભરતી કરવા માટે જિલ્લા કક્ષાના રોજગાર ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, આહવા દ્વારા કરવામા આવેલ છે. જેમા ધોરણ ૮ પાસ, ૧૦, ૧૨ પાસ, આઇ.ટી.આઇ, ગ્રેજ્યુએશન, ડીપ્લોમા લાયકાત ધરાવતા તમામ મહિલા તથા પુરૂષો ઉમેદવારો આ રોજગાર ભરતીમેળામાં ઉપસ્થિત રહી શકશે. વય મર્યાદા ૧૮થી ૩૫ની રહેશે. આ રોજગાર ભરતી મેળામાં ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓ હાજર રહી તેમની ૬૦૦થી વધુ ખાલી જગ્યાઓ માટે સ્થળ પર પ્રાથમિક પસંદગી કરનાર છે.

તા.૨૦ ઓગસ્ટના રોજ આહવા ખાતે આદિવાસી સાંસ્કૃતિક ભવન (ડાંગ દરબાર હોલ)માં સવારે ૦૯:૩૦ કલાકે ભરતી મેળો યોજાશે.

આ ભરતી મેળામાં સીવણકામ, સેવીંગ ઓપરેટર, ટ્રેઇની, મેનેજર, સીક્યુરીટી ગાર્ડ, એકઝ્યુકેટીવ, કસ્ટરમર સર્પોટ, ડિલિવરી બોય, જેવી વિવિધ કામગીરી માટે ભરતી કરવામાં આવશે. જેમાં ૧૦થી ૧૫ જેટલી વિવિધ સેક્ટરની કંપનીઓ જેવી કે, ગારમેન્ટ ક્ષેત્ર, મેનુફેક્ચરીંગ, બેંકીંગ, ફાઇનાન્સ, ઓટોમોબાઇલ, એપ્રેન્ટીશીપ, હોસ્પિટાલિટી, સર્વિસ વગેરે જેવા નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે.

તમામ અસલ અને નકલ પ્રમાણપત્રો સાથે બે ફોટોગ્રાફ તેમજ ૩થી ૪ નકલ બાયોડેટા સાથે ઇન્ટરવ્યુમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. આ રોજગાર ભરતી મેળામાં રોજગાર કચેરી ખાતે નામ નોંધણી કરાવેલ ન હોય તેવી ઉમેદવારો પણ ભાગ લઇ શકશે. તેમજ વધુ માહિતી માટે વેબસાઇટ - www.anubandham.gujarat.gov.in વધુ માહિતી માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૩૧ ૨૨૦૩૯૩ પર સંપર્ક સાધવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ગણદેવી સર્કલ પાસે કૉંક્રિટ કામગીરી હાથ ધરાઈ




(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા.૧૯ :** ગણદેવી સર્કલ ખાતે ભારે વાહન વ્યવહારના કારણે માર્ગની સપાટીને વારંવાર નુકસાન થતું હોવાની રજૂઆતોને ધ્યાને લઈ માર્ગ અને મકાન વિભાગ, નવસારી દ્વારા જરૂરી સ્થળોએ ગુણવત્તાસભર કોંક્રિટ કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગણદેવી સર્કલ પર દિવસ દરમિયાન સતત વાહનોની અવરજવર રહેતી હોવાથી ભારે ટ્રાફિકના કારણે માર્ગની સપાટી પર ઘસારો થતો હતો. માર્ગની ગુણવત્તા જાળવવા તેમજ વાહનચાલકોને સુગમ અને સલામત માર્ગ સુવિધા મળી રહે તે હેતુસર માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે જરૂરી સ્થળોએ કોંક્રિટ કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ કામગીરી દરમિયાન માર્ગની મજબૂતાઈ, ગુણવત્તા તેમજ લાંબા સમય સુધી ટકાઉપણું જળવાઈ રહે તે બાબતોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. ભારે વાહનવ્યવહારને અનુરૂપ માર્ગની સપાટી વધુ મજબૂત બને તે રીતે કામગીરી કરવામાં આવી રહી છે.

કોંક્રિટ કામગીરી પૂર્ણ થયા બાદ ગણદેવી સર્કલ ખાતે માર્ગની સપાટી વધુ મજબૂત અને ટકાઉ બનશે. સાથે જ માર્ગને વારંવાર સમારકામ કરવાની જરૂરિયાતમાં ઘટાડો થવાની અને વાહનચાલકોને વધુ સુગમ માર્ગ સુવિધા મળવાની અપેક્ષા છે.

માર્ગ અને મકાન વિભાગ, નવસારી દ્વારા જિલ્લામાં માર્ગોની ગુણવત્તા જાળવવા, જરૂરી સ્થળોએ સમયસર મરામત તથા સુધારણા કામગીરી હાથ ધરવા અને નાગરિકોને વધુ સારી, સુરક્ષિત તથા ગુણવત્તાસભર માર્ગ સુવિધા પૂરી પાડવા સતત કામગીરી કરવામાં આવી રહી છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


# કાકડકોપરમાં 'સમર્પણ દીપ યાત્રા'નું ભવ્ય સ્વાગત કરાયું

## આત્મ જાગરણથી રાષ્ટ્ર જાગરણના સંદેશ સાથે સંત-વર શ્રી વિજ્ઞાન દેવજી મહારાજની કન્યાકુમારીથી કાશ્મીર સ્વર્વેદ સંદેશ યાત્રા વલસાડ જિલ્લામાં પહોંચી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૧૯ :** વિહંગમ યોગ સંત સમાજના ૧૦૩મા વાર્ષિકોત્સવ નિમિત્તે યોજાઈ રહેલા 'સમર્પણ દીપ આધ્યાત્મ મહોત્સવ' અંતર્ગત સંત-વર શ્રી વિજ્ઞાન દેવજી મહારાજ દ્વારા આયોજિત 'કન્યાકુમારીથી કાશ્મીર સ્વર્વેદ સંદેશ યાત્રા' કાકડકોપર ખાતે પહોંચી હતી. પવિત્ર દંડકવન આશ્રમની નજીક યોજાયેલા આધ્યાત્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંતો, સાધકો, ભક્તો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. નાનાપોઢા સ્થિત બિરસા મુંડા સર્કલ ખાતે સંત-વર શ્રી વિજ્ઞાન દેવજી મહારાજનું વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબહેન પટેલ, કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબહેન પટેલ સહિત આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભગવાન બિરસા મુંડાની પ્ર-તિમાની પૂજા-અર્ચના કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આદિવાસી સમાજના પરંપરાગત વાજિંત્રોના નાદ સાથે સંત-વરનું ભાવભર્યું સ્વાગત કરાયું હતું.

કાકડકોપર ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં પૂર્વ મંત્રી અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સંત-વર શ્રી વિજ્ઞાન દેવજી મહારાજનું આદિવાસી સમાજના પરંપરાગત વાજિંત્રો સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

સંત-વર શ્રી વિજ્ઞાન દેવજી મહારાજે પોતાના સંબોધનમાં સેવા, સત્સંગ અને સાધનાને આધ્યાત્મિક જીવનનો આધાર ગણાવી "આત્મ જાગરણથી રાષ્ટ્ર જાગરણ"નો સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વ્યક્તિના જીવનમાં આંતરિક જાગૃતિ આવે તો પરિવાર, સમાજ અને રાષ્ટ્રમાં પણ સકારાત્મક પરિવર્તન આવી શકે છે. દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં સારા વિચારો, સેવા ભાવના અને સંયમને સ્થાન આપવું જોઈએ.

કન્યાકુમારીથી શરૂ થયેલી સ્વર્વેદ સંદેશ યાત્રા વિવિધ રાજ્યો અને વિસ્તારોમાંથી પસાર થઈ દક્ષિણ ગુજરાતમાં પહોંચી છે. યાત્રા દરમિયાન આધ્યાત્મિક જ્ઞાન, સેવા, સદાચાર, સંસ્કાર અને રાષ્ટ્રભાવનાનો સંદેશ જનજન સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. વાંસદા દંડકવન આશ્રમની પવિત્ર ભૂમિ નજીક યાત્રાના આગમનથી ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે આગામી ૧૪-૧૫ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ સ્વર્વેદ મહામંદિર ધામ, ઉમરહાં, વારાણસી (ઉ.પ્ર.) ખાતે યોજાનારા વિહંગમ યોગ સંત સમાજના ૧૦૩મા વાર્ષિકોત્સવ તથા ૨૫,૦૦૦ કુંડીય સ્વર્વેદ જ્ઞાન મહાયજ્ઞમાં સહભાગી થવા માટે પણ આહ્વાન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન 'સ્વર્વેદ મહામંદિર ધામની જય', 'દંડકવન આશ્રમની જય', 'સદગુરુ દેવની જય', 'સત્ય સનાતન ધર્મની જય', 'ગૌ માતાની જય' અને 'ભારત માતાની વંદે'ના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. કાકડકોપર ખાતે યોજાયેલ આ કાર્યક્રમ આધ્યાત્મિક ચેતના સાથે આદિવાસી સંસ્કૃતિ અને રાષ્ટ્રભાવનાનો અનોખો સંગમ બની રહ્યો હતો.

# વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના હોદેદારોની

# ઉમરગામના ધારાસભ્યને આજીવન કુટુંબ પેન્શન મંજુર કરવા રજુઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૯ :** ગુજરાત સરકારના પેન્શનર્સ/ફેમિલી પેન્શનર્સના મૃત્યુ બાદ તેમના પર આધારિત તેઓની અપરણિત /વિધવા /છૂટાછેડા/ ત્યકતા પુત્રીઓને કેન્દ્રના ધોરણે આજીવન કુટુંબ પેન્શન મંજૂર કરવા બાબતે વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના પ્રમુખ ગણપતભાઈ પટેલ, મહામંત્રી નટુભાઈ દેસાઈ, ઉપપ્રમુખ વિનોદભાઈ પટેલ, અશરફભાઈ ચુડાસમા, હરિભાઈ પટેલ, સહમંત્રી ઠાકોરભાઈ, તેમજ ઉમરગામ તાલુકાના નિવૃત્ત કર્મચારી સેવા મંડળના પ્રમુખ પરસોત્તમભાઈ કોળી તેમજ અન્ય હોદ્દેદારઓએ આજરોજ તા. (૧૮ -૮- ૨૦૨૬) ૧૮૨-ઉમરગામ તાલુકાનાં લોકલાડીલા ધારાસભ્ય રમણભાઈ પાટકરને આ બાબતે આવેદનપત્ર આપ્યું હતું. સૌપ્રથમ તો વર્ષાબેન પ્રકાશભાઈ પટેલે આવનાર રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે પાટકરને રક્ષાસૂત્ર બાંધીને તેઓ તંદુરસ્તી સાથે દીર્ઘાયુ જીવન વિતાવે અને તેમના થકી લોકકલ્યાણનાં અનેકો કામો થતાં રહે એવી સૌએ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી હતી. પાટકરે આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી. ગુજરાત સરકારના મુખ્યમંત્રીને કરેલી ભલામણપત્રની નકલ પણ હોદ્દેદારોને સુપરત કરી હતી.

# દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં દાનહના યુવા પ્રતિભાનું ગૌરવ

# દાનહના ચિરાગકુમાર અને સંતોષી દેવી રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને મળ્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૯ :** ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત પ્રતિષ્ઠિત એટ હોમ રિસેપ્શન સમારોહમાં, MY Bharat તરફથી એક ખાસ ટીમને રાષ્ટ્રપતિ અને દેશના લોકપ્રિય વડા પ્રધાનને મળવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી ટીમમાં વિનોદ કુમાર સેનના પુત્ર સૈન ચિરાગ કુમાર અને આપણા રાજ્યના શ્રીમતી સંતોષ દેવીનો સમાવેશ થતો હતો, જેઓ તાજેતરમાં યોજાયેલી વિકાસ ભારત યુવા સંસદ ૨૦૨૬ (VBYP 2026) ના રાષ્ટ્રીય વિજેતા (શ્રેષ્ઠ વક્તા) હતા.MY Bharat ટીમ સાથેની તેમની વાતચીત દરમિયાન, મહામહિમ રાષ્ટ્રપતિએ યુવાનોને એમ કહીને પ્રોત્સાહિત કર્યા કે, આપણા દેશના યુવાનો દ્વારા વિકસિત ભારતનું નિર્માણ થશે, અને આવનારા સમયમાં, તમે યુવાનોએ દેશના વિકાસની આ જવાબદારી નિભાવવી પડશે.

ભારતના ૮૦મા સ્વતંત્રતા દિવસની આ ઐતિહાસિક સાંજે, જ્યારે ચિરાગ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુને મળ્યા અને જ્યારે તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા, ત્યારે સમગ્ર રાજ્ય અને દેશના યુવાનોની પ્રતિભા અને સમર્પણની પ્રશંસા થઈ. સન્માનિત. બેઠક દરમિયાન, મહામહિમ રાષ્ટ્રપતિએ આ આશાસ્પદ યુવાનને તેમના સ્નેહભર્યા આશીર્વાદ અને સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ પાઠવી. આ ગૌરવપૂર્ણ પ્રસંગે ભારત અને વિદેશના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ, કેન્દ્રીય મંત્રીમંડળ અને ચારેય સશસ્ત્ર દળોના વડાઓ હાજર રહ્યા હતા, જેમાં સૈન ચિરાગ કુમારે પોતાના વિચારો શેર કર્યા હતા.

# વાપીમાં સ્વસ્તિક ઇન્ફોટેક કમ્પ્યુટર ઇન્સ્ટિ. દ્વારા ચેસ અને ચિત્ર સ્પર્ધા યોજાઇ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** દર વર્ષની જેમ, સ્વતંત્રતા દિવસના શુભ અવસર પર, સ્વસ્તિક ઈન્ફોટેક કમ્પ્યુટર ઈન્સ્ટિટ્યૂટે ચેસ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું, જેમાં ઘણા બાળકો અને પુખ્ત વયના લોકોએ પણ ભાગ લીધો હતો.

વિજેતા સહભાગીઓને ટ્રોફી, મેડલ અને ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે, દાદરા નગર હવેલીના DEO શિક્ષણ અધિકારી બળવંત પાટિલ સર, અરુણ ગુપ્તા સરના પત્ની આઈમન અરુણ ગુપ્તા મામ, દાદરા નગર હવેલી અને દમણ-દીવના રમતગમત નિયામક પ્રમોદ પ્રસાદ અને ચેસના મુખ્ય મધ્યસ્થી વિક્રમ મિશ્રા હાજર રહ્યાં હતા.

# ગલોન્ડાની પ્રાકૃતિક ખેતી શિબિરમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૯ :**;લવાસ, તદાદરા અને નગર હવેલીના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા ખેતીવાડી વિભાગ દ્વારા મંગળવારે ગલોન્ડા હોસ્ટેલ ખાતે વિશેષ પ્રાકૃતિક ખેતી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ગલોન્ડા, કિલવણી અને ઉમરકુઈ પંચાયત વિસ્તારના ખેડૂતો સહિત સેંકડો લોકો ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં ખેતીવાડી વિભાગના ભોયા, ગલોન્ડા ગ્રામ પંચાયતના સરપંચ સતીશ ખરપડિયા સહિતના આગેવાનો અને કૃષિ ક્ષેત્રના નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિષ્ણાતોએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માત્ર માહિતી આપવાને બદલે તેનું પ્રાયોગિક નિદર્શન પણ કર્યું હતું. ખેડૂતોને પોતાના ગામ અને ખેતરની આસપાસ સરળતાથી ઉપલબ્ધ સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરીને છોડ અને પાક માટે ઉપયોગી જીવામૃત તથા અન્ય પ્રાકૃતિક પ્રવાહી દ્રાવણ કેવી રીતે તૈયાર કરવા અને તેનો ખેતીમાં કેવી રીતે ઉપયોગ કરવો તેની તાલીમ આપવામાં આવી હતી.

નિષ્ણાતોએ ખેડૂતોને સમજાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતીમાં સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરીને ખેતી માટે જરૂરી ઈનપુટ તૈયાર કરી શકાય છે. શિબિરમાં જમીનની ફળદ્રુપતા જાળવવા, પાકના વિકાસ માટે પ્રાકૃતિક પદ્ધતિઓ અપનાવવા અને રાસાયણિક ખાતર તથા અન્ય બહારના ઈનપુટ પરની નિર્ભરતા ઘટાડવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિ માત્ર સમજાવવામાં નહીં પરંતુ તેને પોતાના ખેતરમાં કેવી રીતે અમલમાં મૂકી શકાય તે પ્રેક્ટિકલ રીતે બતાવવામાં આવ્યું હતું.

મોટી સંખ્યામાં ખેડૂતો અને સ્થાનિક લોકોની હાજરી વચ્ચે યોજાયેલી આ શિબિર પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ અને વ્યવહારુ જાણકારી આપવાનું માધ્યમ બની હતી.

# અંભેટીની જન શિક્ષણ સંસ્થાન દ્વારા જીવન જરૂરી સામગ્રીનું વિતરણ સેવાકીય પહેલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનીધ)

**ધરમપુર, તા. ૧૯ :** જન શિક્ષણ સંસ્થાન, અંભેટી દ્વારા કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં જરૂરિયાતમંદ બહેનોને મદદરૂપ થવાના હેતુથી સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થાના નિયામકના માર્ગદર્શન હેઠળ સુથારપાડા ખાતે આવેલા વનવાસી કન્યા છાત્રાલયમાં રહેતી બહેનો માટે આ સેવા પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન છાત્રાલયમાં રહેતી કુલ ૫૦ બહેનોને ડ્રેસ, બ્લાઉઝ, ફ્રોક, શર્ટ સહિત વિવિધ ઉપયોગી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના સ્ટાફ દ્વારા સહાયરૂપ સામગ્રી આપવામાં આવતા બહેનોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. આ પ્રસંગે સંસ્થાના સ્ટાફે બહેનો સાથે વાતચીત કરી તેમની જરૂરિયાતો અંગે પણ માહિતી મેળવી હતી. અંતરિયાળ વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ લોકો સુધી મદદ પહોંચાડવાના હેતુથી આ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી.

જન શિક્ષણ સંસ્થાન, અંભેટી દ્વારા શિક્ષણ અને કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ સાથે સામાજિક સેવા ક્ષેત્રે પણ સમયાંતરે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જરૂરિયાતમંદ લોકોના જીવનમાં ઉપયોગી બને તેવી પ્રવૃત્તિઓ આગળ પણ ચાલુ રાખવાની સંસ્થા દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. કપડાં સહિતની ઉપયોગી સામગ્રી મળતા વનવાસી કન્યા છાત્રાલયની બહેનોને રાહત મળી હતી. સંસ્થાના સ્ટાફના સહયોગ અને આયોજનથી સેવાકીય કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# ઉમરગામની શ્રી એમ. કે. મેહતા કેમ્પસમાં સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૯ :** ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ શ્રી એમ. કે. મેહતા કેમ્પસ ખાતે ૮૦માં સ્વાતંત્ર્ય દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. શ્રી એમ. કે. મેહતા ઇંગ્લિશ મીડિયમના પ્રિન્સિપાલ ડૉ. જેકબ વી. જહોન દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કેમ્પસની વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો, નૃત્ય અને વક્તવ્ય સહિતના વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ સંજયભાઈ મેહતા તેમજ બીનાબેન મેહતા સહિત વિવિધ વિભાગોના પ્રિન્સિપાલઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દેશભક્તિ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# અટારની પી.કે.ડી. વિદ્યાલયમાં ૮૦મો સ્વાતંત્રતા દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લાના નવસર્જન કેળવણી મંડળ સંચાલિત પી.કે.ડી. વિદ્યાલય, અટાર ખાતે ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અતુલ લિમિટેડના જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ દાતા અને નવસર્જન કેળવણી મંડળના પ્રમુખ ભીખુભાઈ દેસાઈના ભાઈ આઝાદભાઈ દેસાઈ, મંડળના પ્રમુખ ભીખુભાઈ દેસાઈ, ઉપપ્રમુખ બળવંતભાઈ, મનીષાબેન દેસાઈ તથા કમિટી સભ્ય ઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાન શ્રી ગૌતમભાઈ દેસાઈના હસ્તે ધ્વજવંદન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાની બાળાઓએ સુંદર સ્વાગત ગીત રજૂ કરી સૌનું મન મોહી લીધું હતું. મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્ય જીતેન્દ્ર ટંડેલ, વિદ્યાર્થીની દિયા નાયકા, દાતા આઝાદભાઈ દેસાઈ, પ્રમુખ ભીખુભાઈ દેસાઈ તથા મુખ્ય મહેમાન ગૌતમભાઈ દેસાઈએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં વીર શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સાથે જ વિદ્યાર્થીઓને સ્વચ્છતા, પ્રામાણિકતા, જ્ઞાનપ્રાપ્તિ, ધ્યેયસિદ્ધિ માટેની અથાગ મહેનત અને રાષ્ટ્રપ્રેમ જેવા મૂલ્યો અપનાવી દેશના આદર્શ નાગરિક બની રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા પ્રેરણા આપી હતી.

મંડળના પ્રમુખ ભીખુભાઈ દેસાઈ દ્વારા સ્વાગત ગીત રજૂ કરનાર વિદ્યાર્થીનીઓ તથા પ્રાસંગિક વક્તવ્ય આપનાર વિદ્યાર્થીની દિયા નાયકાને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના સમાપન બાદ ઉપસ્થિત મહેમાનો, શિક્ષકગણ, વાલીઓ તથા વિદ્યાર્થીઓ માટે નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌએ સાથે મળીને નાસ્તો કરી સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીને આનંદસભર રીતે પૂર્ણ કરી હતી.

# વલસાડ બુધસભા પરિવાર દ્વારા મેઘાણી વંદના કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** આગામી તા. ૨૬-૮-૨૬ નવરોઝ બુધસભા પરિવાર વલસાડ દ્વારા મેઘાણી વંદનાના કાર્યક્રમનું આયોજન મીના કુંજ હાલર રોડ રોડ વલસાડ ખાતે કરવમાં આવ્યું છે. જેમાં મેઘાણી સાહિત્યનું રસપાન કરવામાં આવશે. એ જ રીતે તા. ૨-૯-૨૬ ના રોજ બુધવારે એ જ સ્થળે અતિવૃષ્ટિની વેદના વિષય ઉપર નિબંધ સ્પર્ધામાં આવેલા નિબંધનું વાંચન કરવામાં આવશે.

# અબ્રામા યોગા કલાસીસમાં સ્વાતંત્રતા પર્વ ઉજવાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગરના સૂચન અને માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લાના યોગ ટ્રેનર તથા નિવૃત્ત એએસઆઈ કાંતિલાલ એમ. ઠાકોર (ભંડારી) દ્વારા છેલ્લા છ વર્ષથી નંદનવન સોસાયટી, રાજનગર-અબ્રામા, વલસાડ ખાતે નિયમિત નિ:શુલ્ક યોગ ક્લાસ ચલાવવામાં આવે છે.

યોગ સાથે રાષ્ટ્રપ્રેમ અને સામાજિક જાગૃતિનો સંદેશો લોકો સુધી પહોંચે તે માટે દર વર્ષે ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વોની યોગ સાધકો સાથે વિશેષ રીતે ઉજવણી કરવામાં આવે છે.

ચાલુ વર્ષ ૨૦૨૬માં ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે વહેલી સવારથી વરસાદી માહોલ હોવા છતાં યોગ સાધક ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

રાજનગર-અબ્રામા વિસ્તારમાં લોકોમાં દેશભક્તિની ભાવના અને યોગ પ્રત્યે જાગૃતિ આવે તેમજ વધુ લોકો યોગ સાથે જોડાય તેવા હેતુથી તિરંગા ધ્વજ સાથે સોસાયટી વિસ્તારમાં તિરંગા યાત્રા અને પ્રભાતફેરી યોજવામાં આવી હતી.

તિરંગા યાત્રા પૂર્ણ કર્યા બાદ યોગ સાધકો યોગ ક્લાસ ખાતે પહોંચ્યા હતા.

અહીં સૌપ્રથમ ધ્વજની નીચે સમૂહમાં દેશભક્તિ ગીત 'વંદે માતરમ'નું ગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ધ્વજવંદન કરી રાષ્ટ્રગાન સાથે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# રાજપુરી જંગલમાં આંગણવાડીના બાંધકામ સામે સવાલો ઉઠયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** રાજપુરી જંગલ મૂળ ગામ પંચાયત નજીક શરૂ કરવામાં આવેલા આંગણવાડીના બાંધકામની ગુણવત્તાને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બાંધકામ સ્થળનું ગ્રામજનોએ નિરીક્ષણ કરતાં કામગીરીમાં વેઠ ઉતારવામાં આવી હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

ગ્રાઉન્ડ લેવલનું પીસીસી કામ પૂર્ણ થયા બાદ કોલમ માટે લગાવવામાં આવેલા સળિયાને હાથ લગાવતા જ તે ઉખડી જતા બાંધકામની મજબૂતી સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

ઉપરાંત, બાંધકામમાં હલકી કક્ષાની અને ધૂળવાળી રેતીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો પણ ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. ગામના સામાજિક કાર્યકર અને જાગૃત યુવાન ચંપકભાઈ ધનગરીયા દ્વારા આ સમગ્ર કામગીરી અંગેનો વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે. વીડિયોના માધ્યમથી આંગણવાડીના બાંધકામમાં કથિત ગેરરીતિ અને હલકી ગુણવત્તાની કામગીરીનો મુદ્દો સામે આવ્યો છે. આ મામલે ગામના જાગૃત યુવાનો દ્વારા તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત કરી સમગ્ર બાંધકામની સ્થળ તપાસ કરાવી ગુણવત્તાની ચકાસણી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

હવે તંત્ર દ્વારા આ બાંધકામની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે છે કે નહીં અને જો ગેરરીતિ જણાય તો જવાબદારો સામે શું કાર્યવાહી કરાશે કે પછી જૈસે થે જેવી સ્થિતિ સર્જાશે.

# મોટાવાઘછીપા સાર્વ. હાઈ.નું ગૌરવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૯ :** ગાંધીનગરના ટાઉન હોલ માં માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, કપડવંજ બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા અને અનંતા એજ્યુકેશન કેમ્પસ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત પર્યાવરણ અને ગ્લોબલ વૉર્મિંગ વિષયક વિશિષ્ટ ઈતિહાસ સર્જક કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૨૫૬થી વધુ પર્યાવરણની જાળવણી અને સંવર્ધન કરનાર સખત મહેનતુ પરાક્રમી એવા શિક્ષક ભાઈઓ બહેનોની પસંદગી કરવામાં આવી હતી. એમાં વલસાડ જિલ્લાના કુલ ૨૯ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની પસંદગી થઈ હતી. જેમાં ડી. પી. પટેલ સાર્વજનિક માધ્યમિક શાળા, મોટાવાઘછીપા, તા.,પારડી, જિ.,વલસાડના ચિત્ર શિક્ષક વિપુલ ડી. પટેલની પસંદગી થઈ હતી. એમણે કરેલ પર્યાવરણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ ગુજરાત સરકાર દ્વારા પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ-૨૦૨૫ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના માનવતા શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. શિક્ષણ ક્ષેત્રોની વિવિધ મહાન હસ્તીઓ જેવી કે શૈલેષભાઈ રાજગોર, ગજેન્દ્રકુમાર જોશી, નરેન્દ્રભાઈ દવે, કનુભાઈ પ્રજાપતિની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ સમગ્ર કાર્યક્રમનો સંપૂર્ણ સંચાલન મદદનીશ સચિવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ પુલકિત જોશી સાહેબની અથાગ મહેનત અને એમના ટીમના ખૂબ જ સફળ અને સક્રિય આયોજન દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું હતું.


દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

વિશેષ વાંચન

Thursday 20, August 2026

દમણગંગા ટાઇમ્સ

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## સંસ્કૃતિની સદાશિવ શક્તિ એટલે સ્ત્રી

**કિંજલ પંડયા**
**પારડી**



તહેવારોના દિવસો ચાલી રહ્યા છે. ચારેકોર આનંદની હેલી છે, ગલીઓ અને હૃદય બંને આધ્યાત્મિકતાના રંગે રંગાયા છે. શ્રાવણની સરવરીઓથી શરૂ થયેલી તહેવારોની આ રમઝટ, ભાદરવો અને આસો સુધી સતત ધમધમતી રહે છે. આમ પણ ભારતીયોની અને તેમાંય ખાસ કરીને ગુજરાતીઓની તો વ્યાખ્યા જ અલગ છે! આપણે તો ખુશીનું નાનકડું બહાનું મળે તોય એને મહોત્સવ બનાવી દઈએ. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં બારેમાસ ઉત્સવ! પરંતુ, આ બધા જ તહેવારો, આ વ્રતો અને આ પરંપરાઓનો અસલી પ્રાણ કોણ છે?

વિનોબા ભાવેએ એક અદ્ભુત વાત કહી હતી સ્ત્રી એ સંસ્કૃતિની વાહક છે.

જો બાળક માટે પિતા અનુકરણનું સ્થાન હોય, તો મા એ સંસ્કારનું પ્રથમ સરનામુ છે. એથી જ તો આ ભારતીય ધરા પર ગર્ભસંસ્કારની પરંપરા સદીઓથી પૂજાય છે. નવ મહિના સુધી જેને પોતાના હૃદયની સૌથી નજીક ધબકતી રાખી છે, એ મા પોતાના સંતાનને જગત કરતાં નવ મહિના વધુ ઓળખે છે. આ ઓળખ જ સંસ્કારનું પ્રથમ બીજ વાવે છે. સંસ્કૃતિ કોઈ પુસ્તકોમાં નથી જીવતી, એ તો સ્ત્રીના વ્રત, તપ, ઉપવાસ અને આરાધનામાં શ્વાસ લે છે. સમય બદલાયો, સ્ત્રી આધુનિક થઈ, કમ્પ્યુટર અને સૂર્યમંડળ સુધી પહોંચી, પણ એ પોતાના સાંસ્કૃતિક મૂળિયાં ક્યારેય નથી ભૂલી. પરિવારની સમૃદ્ધિ માટે એ આરાધના કરે છે, શિવની ઉપાસના કરતી એક 'શક્તિ' બનીને પોતાના સંતાન અને પતિક્ષેમ માટે પ્રાર્થના કરે છે. કારણ કે, તે માત્ર એક વ્યક્તિ નથી – તે સંસ્કૃતિની ગંગોત્રી છે! સ્વામી વિવેકાનંદ પાસે એકવાર એક સમાજસુધારક ગયા અને ગર્વથી બોલ્યા, હું પણ મહિલાઓને ટેકો આપું છું, હું તેમને સુધારવા માંગુ છું. હું શું કરું?

યુગપુરુષ વિવેકાનંદે સહજ પણ ધારદાર શબ્દોમાં કહ્યું હતું. તેમને અડશો નહીં! તેમના વિશે તમારે કશું કરવાની જરૂર નથી. તેમને મુક્ત છોડી દો. તેમને જે કરવું હશે તે પોતે કરી લેશે. કેવડી મોટી વાત! સ્ત્રીને કોઈ પુરુષે કે સમાજે સુધારવાની જરૂર નથી. તેને માત્ર એક મોકળું આકાશ (અવકાશ) આપવાની જરૂર છે, બાકી પોતાની અને સમાજની સીમાઓ ક્યાં વિસ્તારવી એ તે બરાબર જાણે છે. પરંપરાની હોડીને એક પેઢીથી બીજી પેઢી સુધી સલામત હંકારી જવાનું કામ સ્ત્રી કરે છે. તહેવાર પાછળનું શાસ્ત્ર હોય, પૂજાનું વિધાન હોય કે પછી ઉત્સવની વાનગીઓ – આ બધું જ એ પોતાના સંતાનોના મનમાં સહજતાથી વાવી દે છે. ઘરમાં એક હસતી સ્ત્રી હોય તો આખું ઘર નંદનવન બની જાય. પરિવારનો દોર એના નાજુક હાથમાં હોય છે, પણ એ નાજુક હાથ પાછળ હિમાલય જેવું મક્કમ મનોબળ હોય છે. આજે એ પોતાના પરિવારની ખુશી માટે સમાજના નકામા વિચારોથી પર થઈને નિર્ણય લે છે, અને એમાં કંઈ ખોટું પણ નથી.

અંતે તો, મહાભારતઁમાં પણ સ્પષ્ટ લખાયું છે

ન ગૃહં ગૃહમિત્યાહુર્ગૃહિણી ગૃહમુચ્યતે ।
ગૃહં હિ ગૃહિણીહીનમરણ્યસદશં મતમ્ ?

(ચાર દીવાલોથી ઘર નથી બનતું, સ્ત્રી જ સાચું ઘર છે. સ્ત્રી વિનાનું ઘર તો જંગલ સમાન છે.)

આજે ૨૧મી સદીમાં પણ જ્યારે પત્ની વટસાવિત્રી કરે છે કે મા પોતાના સંતાન માટે શીતળા સાતમ અને નાગપંચમી ઉજવે છે, ત્યારે એ સાબિત કરે છે કે શ્રદ્ધા ક્યારેય જૂની નથી થતી. સ્ત્રી સંવેદના, ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ છે. પરંતુ દુઃખની વાત એ છે કે, આજે પણ કેટલાક ક્ષેત્રોમાં ધર્મના નામે કે પાખંડના નામે સ્ત્રીઓનું શોષણ કે અમાનવીય વર્તન થાય છે. આવી સ્થિતિમાં દરેક સ્ત્રીએ હવે જાગૃત બનીને પાખંડીઓ સામે રક્ષણ મેળવતાં પણ શીખવું પડશે.

સ્વામી વિવેકાનંદે બહુ સાચું કહ્યું હતું ધરતી ઉપર જો ધર્મને કોઈએ ટકાવી રાખ્યો હોય તો એ સ્ત્રીએ ટકાવી રાખ્યો છે. જ્યાં સુધી આ પૃથ્વી પર સ્ત્રીના ચરણ પડશે, ત્યાં સુધી સંસ્કૃતિનો દીવો ક્યારેય હોલવાશે નહીં!

## જવાબદારીથી જીવવાની કળા

**જયોતિ ઉત્પલ પંડયા**
**અતુલ**



૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ભારતના ઈતિહાસનો સૌથી ગૌરવપૂર્ણ દિવસ છે. સદીઓની ગુલામી, સંઘર્ષ અને અસંખ્ય વીર સપૂતોના બલિદાન પછી ભારતે સ્વતંત્રતાનો શ્વાસ લીધો. પરંતુ આઝાદી સાથે જ દેશનું વિભાજન થયું અને ભારત તથા પાકિસ્તાન બે અલગ રાષ્ટ્રો બન્યા. ત્યારથી બંને દેશો વચ્ચે અનેક વખત તણાવ અને સંઘર્ષ જોવા મળ્યા છે. આ ઈતિહાસ આપણને માત્ર ભૂતકાળ યાદ કરાવતો નથી, પરંતુ શાંતિ, એકતા અને રાષ્ટ્રહિતનું મહત્વ પણ સમજાવે છે. સ્વતંત્રતા એટલે માત્ર મનમાં આવે તે બોલી દેવાની છૂટ નથી. સ્વતંત્રતા એટલે પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર, સાથે સાથે બીજા વ્યક્તિના વિચારો અને સન્માનનું પણ રક્ષણ કરવાની જવાબદારી. ભારતનું લોકતંત્ર આપણને મત આપવાનો, પ્રશ્ન પૂછવાનો, અન્યાયનો વિરોધ કરવાનો અને સરકારની નીતિઓ સામે પોતાનો અભિપ્રાય રજૂ કરવાનો અધિકાર આપે છે. પરંતુ વિરોધની ભાષા સંયમિત અને શિસ્તબદ્ધ હોય ત્યારે જ લોકશાહીની સુંદરતા જળવાઈ રહે છે.આજની યુવા પેઢીને ટેક્નોલોજીનું અદભુત વરદાન મળ્યું છે. સોશિયલ મીડિયા, ઈન્ટરનેટ, યુટ્યુબ અને અન્ય ડિજિટલ માધ્યમો દ્વારા જ્ઞાન મેળવવાની અને પોતાની પ્રતિભા વિશ્વ સુધી પહોંચાડવાની તક આજે દરેક યુવાનના હાથમાં છે. આ તકનો ઉપયોગ શિક્ષણ, સંશોધન, સર્જનાત્મકતા, રાષ્ટ્રસેવા અને સમાજમાં સકારાત્મક પરિવર્તન માટે થઈ શકે છે. તાજેતરના કેટલાક વિરોધ પ્રદર્શનોમાં જોવા મળેલી અશિષ્ટ ભાષા અને ઉગ્ર અભિવ્યક્તિ આપણને વિચારવા મજબૂર કરે છે કે શું આપણે સ્વતંત્રતાનો સાચો અર્થ સમજ્યો છે? કોઈ નીતિ સામે અસહમત થવું ખોટું નથી. સરકારને પ્રશ્ન કરવો પણ લોકશાહીની શક્તિ છે. પરંતુ અસહમતિને અપમાનમાં અને વિરોધને અશ્લીલતામાં ફેરવવો એ સ્વતંત્રતાની મર્યાદાને નબળી પાડે છે.

ખાસ કરીને યુવાનો માટે સંસ્કાર અને જવાબદારીનું મહત્વ વધારે છે. અહીં યુવતીઓ કે યુવાનોને અલગ રીતે દોષ આપવાનો પ્રશ્ન નથી; દરેક નાગરિક માટે એકસરખા મૂલ્યો લાગુ પડે છે. આપણા વર્તનમાં પરિવાર, શિક્ષણ, સમાજ અને દેશની સંસ્કૃતિનું પ્રતિબિંબ દેખાય છે. સ્ત્રી હોય કે પુરુષ—સૌએ પોતાની વાણી, વર્તન અને ડિજિટલ ઉપસ્થિતિ દ્વારા સમાજને દિશા આપવાની જવાબદારી સ્વીકારવી જોઈએ.

આઝાદી આપણને વારસામાં મળી છે, પરંતુ તેને જાળવવાની જવાબદારી આપણી છે. શહીદોના બલિદાનને સાચી શ્રદ્ધાંજલિ ત્યારે જ મળશે, જ્યારે ભારતનો યુવાન સ્વતંત્ર પણ હશે અને સંસ્કારી પણ, નિર્ભય પણ હશે અને જવાબદાર પણ, પ્રશ્ન પૂછનાર પણ હશે અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપનાર પણ. કારણ કે સાચી સ્વતંત્રતા એ છે—મને જે કહેવું છે તે કહેવાની આઝાદી સાથે કેવી રીતે કહેવું તેની સમજણ.

## બાર બીજના ધણી રામાપીર ને માનવ મહેરામણ

**નીતા પી.જાદવ**
**રાજકોટ**



રામાપીર એટલે હિંદવા પીર અને એની બારેબારબીજ ખૂબ જ પવિત્રાતા અને ભક્તિભાવનો અનોખો સંગમ છે. પણ અષાઢી બીજનો ઉત્સવ માત્ર એક જ દિવસઉજવાયછે અને કેટકેટલા લોકોના જીવનમાં ખુશીઓ અને ભક્તિનો સાગરછલકાવે એ કરામત તો ઈશ્વરસિવાય કોઈ કરી જ ન શકે !

કચ્છી સભ્યતા અને સંસ્કૃતિનું આગવું સ્થાન આપણા ઈતિહાસમાં સમાયેલું છે. કચ્છની ભવ્યસંસ્કૃતિ અને વારસો આજે પણગુજરાતની આગવી ઓળખ ઊભી કરવામાં સહાયક બની રહ્યા છે.કચ્છીઓનું નવું વર્ષ એટલે અષાઢી બીજ. નવવર્ષની ઉમંગ અને ઉલ્લાસમાણસના જીવનમાં નવી આશાઓ અનેપ્રેરણા સાથેસફળ- સુખી જીવન તરફ આગળ વધવા માટેઈંધણનું કામ કરે છે. બીજી તરફ જગતનો નાથ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ પોતાના ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરયાત્રા કરવા નીકળે ને પોતાના તમામ ભક્તોને દર્શન આપે એ કેટલી મોહક યાત્રા અને ભક્તિમય દૃશ્યો !!! સનાતન સંસ્કૃતિ એટલી વૈજ્ઞાનિક ઢબે જીવન સાથે સંકળાયેલી છે કે , હજારો વર્ષો પછીપણ એની અસર આપણા જીવન અને તહેવારો પર આજે પણ જોવા મળે છે.

રથયાત્રામાં અપાતો મગ, કાકડી અને જાંબુનો પ્રસાદ ઋતુપ્રમાણે શરીરમાટે ખૂબ ફાયદાકારક સાબિત થાય છે. રથયાત્રાને લોકો નાના મોટા, અમીર - ગરીબ, જાતિ - પાતિના ભેદભાવ ભૂલી ભક્તિના એક રંગે રંગાઈને નાચતા ઝૂમતા ઉત્સવ ઉજવેછે.

ભક્તિના રંગમાં ચારચાંદ લાગી ગયાહોય એમ બાર બીજનાધણી શ્રીરામાપીરનો પ્રાગટ્ય દિવસ ઉજવાય છે. લીલા નેજાધારી હિંદવા પીરના પરચા કળિયુગમાં ભગવાનની શક્તિનો પરિચય આપે છે. ખાલી રણુજા જ નહિ,ઠેકઠેકાણે રામાપીરના મંદીરે ભક્તોનીભીડ એમની ઊંડીશ્રધ્ધા અને ભક્તિને ઉજાગર કરે છે. જગતના તાત એવા અન્નદાતા ખેડૂતો માટે અષાઢી બીજ વાવણીની મોસમનું મંગળગીત છે.

ખેડૂતો હરખાઈ હરખાઈને ધરતીમાતા અને મેહુલાને ધન્યવાદ કહેતા ગીતો આજે લોકગીત બનીદુનિયાના હોઠે ગવાઈ છે.

જગતમાં જેણે જેણે સાચી પ્રીત કરી હોય ને પવિત્રતાથી પ્રેમ કર્યો હોય એવા પ્રેમીઓ માટે અષાઢી બીજ વેલેન્ટાઈન ડે કરતાં વધુ મહત્ત્વની હોય છે.

સાચે એક અષાઢી બીજ માણસના જીવનમાં એક સાથેઅનેક લાગણીઓનું મેઘધનુષ્ય રચીનેમાણસને એના રંગે રંગી નાખે છે.

## બિનજરૂરી ટેવો છોડવા માટે સંકલ્પ શક્તિ જરૂરી

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**



મજબૂરી કહો કે મહત્વકાંક્ષા કે પછી આદત. જીવનમાં કેવી આદતો પાડવી તે દરેક વ્યક્તિના ઉપર આધારિત છે. જેના ઉપર માનવીના સ્વભાવનો આધાર હોય છે. જીવન એ કુદરતી વિદ્યાલય છે. સારી ટેવો સ્વાસ્થ્ય માટે જરૂરી છે પરંતુ બિનજરૂરી ટેવો પાડવી તેને કુટેવ કહે છે. સારી ટેવો જેમ કે વહેલા ઉઠવુ, નિયમિત જમવું - સૂવું, કસરત કરવી, વહેલી સવારે ચાલવું, નવરા બેઠા હોય ત્યારે શરીરને હલાવતા રહેવું, આંખો ખોલબંધ કરવી, હાથપગના પંજાને ગોળ ગોળ ફેરવવા યોગાસન અને -ાણાયામ કરવા વગેરે સારી ટેવો છે પરંતુ બિનજરૂરી ટેવો પાડવી જેવી કે પાન - પડીકી ખાવી, બીડી સિગારેટ પીવી, દારૂ તથા કેફી પદાર્થો લેવા, મોડા ઉઠવુ વગેરે કુટેવો પર ધ્યાન નહી આપતાં તે આદતો બની જાય છે પછી તેને દૂર કરવી મુશ્કેલ બની જાય છે.આ માટે દરેક પોતાની જાત પર કાબુ રાખી કુટેવો તરફ જાગૃત રહી સારી ટેવો પાડવી જોઈએ. દરેક બાબતમાં સમયસર નિર્ણય લેવો જોઈએ.સમય નીકળી ગયા પછી લેવાતા નિર્ણયનો કોઈ અર્થ રહેતો નથી.હાલમાં પવિત્ર શ્રાવણમાસની શરૂઆત થઇ ચુકી છે ત્યારે આપણે સંકલ્પ લેવાનો સમય ચાલી રહ્યો છે.ખોટી કુટેવો આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય છે.તેને તિલાંજલિ આપવા કટિબંધ્ધ બનવા પ્રયાસ કરવો જોઈએ. બીડી સિગારેટ પાન પડીકા જેવા વ્યસનો માણસને હોય છે. યુવાનીમાં શરૂઆતમાં શોખ ખાતર ઉપયોગ કરતા હોય છે અને પછી સમય જતા એ વ્યસનનો આપણે ગુલામ બની જઈએ છીએ આખરે એ વ્યસનનો ભોગ બનતા અંતે માનવીનું જીવન ટૂંકું બની જાય છે.

કેટલાક માણસો મક્કમ મનથી વ્યસનનો ત્યાગ કરે છે જયારે કેટલાક નબળા મનના વ્યસન છોડી શકતા નથી.આ પવિત્ર શ્રાવણ માસમાં આપણે સૌ મક્કમ સંકલ્પ કરીએ કે ખોટી ટેવો કે વ્યસનનો ત્યાગ કરી સ્વસ્થ શરીર બનાવી કુંટુંબ, સમાજ અને દેશને ઉપયોગી બનીએ. યાદ રાખો જીવનમાં કેવી ટેવો કે આદતો પાડવી તે દરેક વ્યક્તિના ઉપર આધારિત છે જેના ઉપર માણસના સ્વભાવનો આધાર હોય છે. આમ જનતાના સંસ્કારોમાંથી ધર્મ અને સંસ્કૃતિ ભૂંસાતા તેની પાછળનું મુખ્ય કારણ દેશની જનતા ફેશન અને વ્યસનની ચૂંગાલમાં દિનપ્રતિદિન વધુને વધુ ફસાતી જાય છે.વ્યસન અને ફેશનને રોકવામાં નહીં આવે તો કુંટુંબ, સમાજ કે, દેશનું નખ્ખોદ વળાશે.

## વિચાર શકિત

**હર્ષદ દેસાઈ**
**વટાર**



વિધાતાઓ દરેક મનુષ્યને જન્મની સાથે એક અનુપમ નિધિ પ્રદાન કરી છે. આ નિધિ એક એવી અદભુત સંપદા છે. જેનું મુલ્ય ચુકવી શકાતુ નથી. અને તે કદાપિ ખલાસ પણ થતી નથી. આ અમૂલ્ય સિદ્ધિનું નામ છે વિચારશકિત.


જે રીતે પારસમણિ સામાન્ય ધાતુને સ્પર્શ થતાં જ તેને સોનામાં પરિવર્તન કરી દે છે. એ જ રીતે વિચારશકિત પણ સામાન્ય જીવનને અસામાન્ય બનાવી દે છે. તે માનસને ઉન્નતિના ઉચ્ચ શિખરે પહોંચાડી દેનારી શકિત છે. આ એવી અદભુત સંપત્તિ છે કે કોઈ ચોર તેને ચોરી શકતો નથી. એને કોઈ તેને આપણી પાસેથી છીનવી શકતું નથી. આ મનુષ્યની સૌથી મુલ્યવાન અને સુરક્ષિાત મુડી છે. જો મનુષ્યના વિચારો ઉચ્ચ કક્ષાના હોય તો તે ગમે તેવી વિપરિત અને વિકટ પરિસ્થિતિમાં પણ સન્માર્ગે આગળ વધી શકે છે. એનાથી ઉલટું જો ચિંતન ભ્રષ્ટ અને નિકૃષ્ટ હોય તો ગમે તેટલા સાધન સગડવો હોવા છતાં માણસ પતનની ખાઈમા઼ પડે છે. સદવિચારો જ સાધનાનો આધાર છે.

અને જીવનની દશા તથા દિશાની આધાર પણ આપણા આપણા વિચરો પર જ રહેલો છે. એવું જ જીવન બની જશે. જીવનની ઉપલબ્ધિઓ અને સફળતા કે નિષ્ફળતાંનો આધાર આપણા વિચારો પર જ રહેલો છે. ઉત્કૃષ્ટ વિચારો માણસને સંત અને મહામાનવ બનાવી દે છે જયારે નિત્કૃષ્ટ વિચરો અને અધમ, અપરાધિ, ચોર તથા ડાકુ બનાવી દે છે. વિચારશકિતનુ મહત્વ પારસમણિ કરતાંયે વધારે છે. પારસમણિ ફકત ધાતુને સોનુ બનાવી શકે છે. પરંતુ વિચારશકિત આપણાને સામાન્યમાંથી અસામાન્ય અને તુચ્છમાંથી મહાન બનાવીને બીજા અનેક લોકદનું પણ કલ્યાણ કરી શકે છે માણસને તે અમરત્વ પ્રદાન કરે છે.

વિચારોની સૌથી મોટી શકિત એ છે કે તે માણસની જીવનની દિશાને ઘરમુળમાંથી બદલી નાખે છે. તે વાલિયા લુટારાને વાલ્મીકી ઋષિ અને અંગુલિમાનને મહાન સાધુ બનાવી શકે છે. આથી વિચારોની શકિતને દુનિયાની સર્વશ્રેષ્ઠ શીકત માનવામાં આવે છે તે મનુષ્યને ઉત્થાન ઉત્કર્ષ અને પરમ કલ્યાણકારી માર્ગે આગળ વધારે છે. અને અંતે તેને મોક્ષ પ્રદાન કરે છે.

## શિક્ષણ અને જીવન ઘડતર એકબીજાના પુરક

**- પ્રવીણચંદ્ર ચુનીલાલ દેસાઈ,**
**વટાર**



પૃથ્વી પર સર્જનહારે સૃષ્ટિનું સર્જન કર્યુ ત્યારબાદ ધીરે ધીરે માનવ સમાજ સુસંસ્કૃત થયો. ત્યારબાદ જ્ઞાનની શોધ શરુ થઈ ત્યારબાદ મહર્ષિઓ, સંતોએ પોતે અનુભવેલુ જ્ઞાનનો ખજાનો સમાજ આગળ ધરી દીધો હતો. શિક્ષણ અને જીવન ઘડતર એક જ સિક્કાની બે બાજુ છે.

શિક્ષણ જેટલું જરુરી છે એટલું જ જીવન ઘડતર પણ જરુરી છે. માત્ર શિક્ષણ દ્વારા જીવન ઘડતર થઇ શકે નહી. શિક્ષણને જીવન ઘડતર સાથે ગાઢ સંબંધ છે જ્ઞાન એ શકિત છે એ શકિતને કોઈ સીમા હોતી નથી. શિક્ષણને પણ કોઈ સીમા હોતી નથી. શિક્ષણનો મૂળ હેતુ જીવન ઘડતર છે જીવન વિકાસનો છે. શિક્ષણની અનિવાર્યતા છે અને રહેશે. સૌ શિક્ષકો બરાબર એક માતા.

જીવન ઘડતરના યજ્ઞકાર્યમાં સૌ પ્રથમ અને પરિવાર. બાળકની પ્રથમ પાઠશાળા ઘર છે બાળક ઘરમાં જેવા વાતારવણમાં હોય તે બચપણથી જ આત્મસાત કરે છે. ગુરુ સમાજ શાળા રાષ્ટ્રએના સક્રિયતાથી બાળકનુ ઘડતર થાય છે.

માજી રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામને એક પત્રકારે પૂછેલું કે તમારા શ્રેષ્ઠતમ ઘડતર માટે સૌ પ્રથમ તમે કોને શ્રેય આપો છો. તેમણે કહ્યું કે મારી માતાને આપુ છુ.

તેમણે કહ્યું કે મારી માતા અભણ હતા તેમણે મને ગણિત અને વિજ્ઞાનના સિદ્ધાંતો નથી શીખવ્યા તેમણે મને હંમેશા શીખવ્યું બેટા મુશ્કેલીથી ડરતો નહી ખંત અને હિંમતથી કામ કરજે.

નિઃસ્વાર્થથી કર્મ કરજે. જીવનના એ સિદ્ધાંતોએ મને ફળતાના શિખરો પાર કરાવ્યા. આવા ઉત્તમ ગુણોથી પ્રેરિત આપણા દેશના ઉત્તમ રાષ્ટ્રપતિ તરીકે ઉભરી આવ્યા હતાં.

ઈતિહાસ તરફ એક નજર કરીએ તો શિવાજીના માતા જીજાબાઈ એ પારણામાંથી શિવાજી મહાન બને એ માટે ઉત્તમ ગુણો સાથે સંસ્કારનું સિંચન કર્યુ હતું.

એમના હાલરડામાં શૌર્યતા હતી નિડરતા હતી જીજાબાઈના હાલરડા ઈતિહાસમાં પ્રસંસા પ્રાપ્ત રહ્યા હતાં.

આજકાલ વિદ્યાર્થીઓ વધારે સ્માર્ટ છે તેઓ કોરોના સમયથી શીખી ગયા કે પોતાના લેપટોપ દ્વારા ઈન્ટરનેટ ગુગલ, ફેસબુક, ટ્વીટર ઈન્ટાગ્રામ પરથી જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. એટલે નવુ નવુ દરરોજ જાણવા અને શીખવા મળે છે. વિદ્યાર્થી શિક્ષણ માતૃભાષા કરતાં ઈંગ્લિશમાં લેવાનું પસંદ કરે છે. કારણ કે વિશ્વમાં તેનું મહત્વ છે.

બાળકોના શિક્ષણનો પાયો મજબુત હશે તો જ આગળ જતાં એના જીવન ઘડતરની બિલ્ડીંગ મજબુત થશે આજના શિક્ષણે સમયાનુસાર અનેબક ફેરફારોને સ્વીકારી આધુનિક પદ્ધતિ ઉજાગર થઈ છે શિક્ષણ ક્ષેત્રમાં જે નવા નવા સંશોધનો થયા છે ટેકનીકલ શિક્ષણે પણ હરણફાળ ભરી છે. આજે મોબાઈલે દુનિયાને મુઠ્ઠીમાં લીધો છે. એનો ઉપયોગ સમજદારી વિવેકપૂર્વક કરવામાં આવે તો લાભદાયક છે નહી તો માનસિક તણાવ ઉભા કરવાની શરુઆત થઈ જાય છે.

શિક્ષણની આ આધુનિક પ્રણાલીનો મુખ્ય ગેરફાદો એ છે કે વિદ્યાર્થીઓમાં પુસ્તકો વાંચવાની ટેવ આગળ ઉપર લખવાની ટેવ કશુ કંઠસ્થ કરવાની ટેવ જતી રહી છે. અત્યારના શિક્ષકને કાયદાનું બંધ છે. બાળકને વઢવાનુ નહી મારવાનુ નહી આ પરિસ્થિતિમાં શિક્ષણ જે થાય છે

તે જોયા કરે છે. શાળા કોલેજોમાં જે ભણાવવાય છે જે જીવનમાં ઉપયોગી નથી જીવનમાં જે ઉપયોગી છે તે ભણાવાતુ નથી. અભ્યાસક્રમ પણ જીવનલક્ષી હોતો નથી જે હોવો જોઈએ તે નથી જે શિક્ષણ વિદોનુ માનવું છે. શિક્ષક અને વાલી બાળકોને કેન્દ્રમાં રાખી અકે બીજાનો સાથ લઈ કાર્ય થશે તો બાળકના જીવન ઘડતરમાં મહત્વની ભૂમિકા ઉજાગશ થશે. આજનું શિક્ષણ માત્ર પરીક્ષા લક્ષી બની ગયુ છે.

તે માત્ર માહિતી આપે છે. સમજણ પૂર્વકનું જ્ઞાન નહી. શિક્ષણનો પવિત્ર વ્યવસાય આજે પૈસા કમાવવાનો ધીકતો ધંધો થઈ ગયો છે. ચોરે અને ચૌટે ટયુશન કલાસ શિક્ષણ ક્ષેત્રને અભડાવી રહ્યું છે. પૈસાની અને લાગવગની બોલબાલા છે. પરીક્ષા પેપરોનું ફુટવુ એ ભ્રષ્ટાચારની ઓળખ છે. શિક્ષણનો વહીવટ પારદર્શક હોવો જોઈએ. જે વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ રૂપ જેવો હોવો જોઈએ.

## જીવનમાં આનંદ હોવો જોઈએ પરંતુ અતિરેક નહીં

**રાયસીંગ ડી. વળવી**
**ધરમપુર**



માનવ જિંદગી મળી છે. કહેવાય છે કે કેટલાયે જન્મોની પરંપરામાંથી પસાર થયા પછી જ માનવ જન્મ મળતો હોય છે. જયારે મા ના ઉદરમાં આપણે નવ મહિના રહ્યા, આપણું સંવર્ધન પાલન- પોષપણ થયું નવ માસ સુધી આપણી જનેતાએ ધ્યાન રાખ્યું. નીતિ, નિયમો પાળ્યા, પોતાના શરીરનું આરોગ્ય સાચવ્યુ અને કેટલીયે તકલીફો વેદનાઓ આધિ વ્યાધિ અને ઉપાધિઓ સહન કરી. એના શરીરની જાળવણી - ધ્યાન કર્યુ રાખ્યુ ઉદરમાં પણ બાળકને સારા સંસ્કાર મળે એના પવિત્ર વિચારો કરી ભગવાનનો દિલથી નિખલાશ ભાવે બ્પ્રાર્થના કરી હશે. પછી જ આપણે જન્મ્યમા હોઈશું. દુનિયા બતાવનારી આપણી જનની છે. મા છે. એના પ્રેમ અને વાત્સલ્યથી આપણને એણે ઉછેર્યા, મોટા કર્યા હશે. પરંતુ બાળકમાંથી યુવાન બન્યા પછી માની જહેમત અને મહેનત આપણે ભુલી જઈએ છીએ. મા ના જેવો પ્રેમ, આદર, સ્નેહ કરનાર આ દુનિયામાં બીજુ કોઈ મળનાર નથી. મા તે મા બીજા વગડાના વાયા. કવિ બોટાદ કહે ખુબ જ ઉચિત અને સમર્પણ ભાવે કાવ્યમાં લખ્યું છે. જનનીની જોત સખી નહી જડે રેલોલ. એથી મીઠી મોરી માત રે. જનની ની જોડ દુનિયામાં બધુ મળે પણ મા નહી મળે જેના પેટે આપણે જન્મ્યા છીએ. એનો ખુબ મોટો ઉપકાર છે અને આપણે એનો અહસવાસ માનની કદર કરવાની છે. મા હશે ત્યા સુધી ઘર પરિવારમાં આનંદ હશે. ઉલ્લાસ હશે અને આપણુ ધરણ્યું ભર્યુ લાગશે. પરંતુ મા આ દુનિયામાં ન હશે ત્યારે ઘરમાં ઉદાસી ફરી વળશે. ઘરમા઼ કંઈ ખુટે છે એવુ લાગશે. એની હયાતીમાં આપણહરખથી છલકાઈ જઈએ છીએ. અખૂટ આનંદમા઼ ગરકાવ થઈ જઈએ છીએ. આપણા જીવનના અંતિમ શ્વાસ સુધી મા નો શબ્દ ભુલાય એવો નથી. આપણા સરળ ચાલતા જીવનમાં જયારે કોઈ પ્રસંગે નકારાત્મક પરિસ્થિતિ ઉદભવે ત્યારે મનને શાંત અને કાબુમાં રાખી સારાત્મક અભિગમ અપનાવવાની જરુર પડતી હોય છે. જીવનમાં સુખ દુખનું ચક્ર તો હંમેશા ફરતુ જ રહેવાનું. હરહાલ સ્થિતિ - પરિસ્થિતિમા઼ આપણે ખરેખર સ્થિતપ્રજ્ઞ બની રહેવાની જરુર છે. આનંદ તો મળે છે. અનુભવ કરીએ છીએ પરશ્રંતુ એમાં પણ અતિરેક હોવો જ જોઈએ.

## કંટાળો એને હવે ટાળો

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



આજકાલની નવી પેઢીમાં એક શબ્દ વારેવારે સંભળાય છે ત્યારે આઘાત લાગે છે. અને તે શબ્દ છે કંટાળો એમની ભાષામાં બોર. નાનું કે કોઈપણ સરળ કે સહેલું કામ સોંપવામાં આવે છે ત્યારે આ નવી પેઢીનાં મુખમાંથી આજ શબ્દ નીકળે છે!મને કંટાળો આવે છે. હું આ કામ નહીં કરું.

માણસને ખ્યાલ નથી હોતો, પણ કશુંએ ન કરવું એ પણ કંટાળાનું કારણ હોઈ શકે. જે માણસ રોજિંદી ઘટનાઓમાંથી આનંદ ગુમાવે છે એને જ કંટાળો આવે છે. આ કંટાળાની લાગણીનો પંથ કાંટાળો છે. કેટલાંક માણસોને પોતાનો કંટાળો પંપાળવો ગમે છે. જિંદગીમાં જો થાક છે, તો વિસામો પણ ક્યાં નથી? થાકવું અને કંટાળવુ બંને જુદા છે. અંગ્રેજી લેખકે કહ્યું છે કે, જિંદગી થાકવાની એક પ્રલંબ પ્રક્રિયા છે.

જે માણસ થાકતો નથી એ કંટાળે છે; એનો અર્થ એવો કે, જે માણસ કાર્ય નથી કરતો અને કાર્યનો આનંદ નથી લૂંટતો એ કંટાળે છે. શરીર થાકે એ અલગ વાત છે, પણ મન થાકે ત્યારે માણસે વિચારવું જોઈએ મન શેનાથી થાકે છે ?કાર્ય વિનાના વિચારોથી અને કલ્પિત કે વાસ્તવિક ચિંતાઓથી માણસ કંટાળે છે. સવારે માણસ આખા શરીરથી ચાલે છે અને સાંજે કેવળ પગથી. યોવન અને વૃદ્ધાવસ્થા જેટલી શરીરની અવસ્થા છે એના કરતાં વિશેષ એ મનની અવસ્થા છે. અકાળે વૃદ્ધ થયેલાં માણસને અમસ્તાં પણ બગાસા આવતાં હોય છે. બગાસા એ કંટાળાનું જાહેરનામું છે.

કોઈકે કહ્યું છે કે, પથારી ન હોય અને છતાં ઊંઘની લાગણી થાય એ હલકામાં હલકી લાગણી છે. એવા ઘણાં એદીઓ અને આળસુઓ છે, જેમની સવાર મોડી ઉગે છે. જાગ્યા પછી ચા-ના કપના કપ ઢીંચે છે. ફોન પર અમથાં અમથાં ગપ્પાઓ ઝીંકે છે. પાછા, પાણીમાં ભેંસ પડી હોય એમ પથારીમાં પડ્યા રહે છે.

પછી જાગે છે, પીએ છે, ખાય છે અને સૂઈ જાય છે. પશુઓ પણ આવું જ કરતા હોય છે. તરવરાટ, કશું કરવાની ઝંખના, એ ઝંખના પૂર્ણ કરવા માટેનો પુરુષાર્થ એજ છે યોવન. આજની આ નવી પેઢીને કહેવું છે કે, આ કંટાળો એને હવે તો ટાળો. મારા ભાઈ! કોઈકે ખૂબ સરસ વાત કહી છે કે, જિંદગીમાં કામ થાય એટલું કરાય એવું નહીં પણ કરીએ એટલું થાય.

## ગુજરાતના એફડીએ કમિશ્નર ક્યારે જાગશે ?

**ડો. જે. એમ. નાયક**
**નવસારી**



મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશનરશ્રી તુકારામજી મુંડે એ દેશની આર્થિક રાજધાની અને મહત્વના રાજ્યમાં તહલકો મચાવી દીધો છે. મહારાષ્ટ્રની પ્રજાને અખાદ્ય અને ભેળસેળયુક્ત ઝેર જેવા ખોરાકમાંથી મુક્તિ અપાવવા માટે કોઈની પણ શેહશરમ રાખ્યા વિના જાણે એમને કાયદા મુજબ મળેલી સત્તાનો ઉપયોગ કરી રહ્યા છે. દરેક અધિકારીને પોતાની ફરજ પ્રમાણિકપણે બજાવવા માટે કાયદા દ્વારા ખૂબ સત્તા આપવામાં આવેલી છે પરંતુ એઓ પ્રજાના હિતને કેન્દ્રમાં રાખીને એમની ફરજ બરાબર અદા કરતા નથી. શ્રીમાન તુકારામજીએ ખૂબ સુંદર વાત કરી છે કે ખોરાક ફક્ત સ્વાદિષ્ટ જ નહીં પરંતુ સ્વાસ્થ્ય માટે સલામત પણ હોવો જોઈએ. એઓ વધુમાં જણાવે છે કે ખોરાકની ગુણવત્તા જાહેર આરોગ્ય અને દેશની પ્રગતિ પર સીધી અસર કરે છે. તાજેતરમાં આપણે ૮૦ માં સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી ત્યારે આવા નિષ્ઠાવાન અધિકારી ભેળસેળિયા ખોરાકથી પણ જનતાને આઝાદી અપાવી રહ્યા છે એ ખૂબ જ મોટી વાત છે. આપણા ગુજરાતમાં પણ સુરત, અમદાવાદ, બરોડા, રાજકોટ જેવા મેટ્રો સિટીમાં પણ અવરનવર અનેક વર્ષોથી નકલી ખાદ્ય પદાર્થો પકડવામાં આવે છે પરંતુ ભેળસેળિયાઓને હવે કાયદાનો દર બિલકુલ રહ્યો નહીં હોય એમ બેફામ બની રહ્યા છે. ગુજરાતની પ્રજાના આરોગ્યની ચિંતા કરીને ગુજરાતના એફડીએ કમિશનરશ્રી ક્યારે જાગશે એમ લોકો પૂછી રહ્યા છે. લોકો હવે કંઈ પણ ખરીદી કરે ત્યારે શંકાની દૃષ્ટિએ જ ખરીદી કરતા હોય છે. પ્રજા પાસે બીજો કોઈ વિકલ્પ નથી.

એનાલોગ પનીર તો એટલું બધું બદનામ છે કે લોકો હવે પનીરને નફરતની દ્રષ્ટિએ જોતા થઈ ગયા છે. ફોર સ્ટાર હોટલોમાંથી પણ જે રીતે કોક્રોચ મળી મળી આવ્યાના સમાચાર જાણીને પ્રજા જાયે તો જાયે કહાં ગુજરાતના એફડીએ કમિશનરશ્રી ક્યારે એવી પ્રતિજ્ઞા લેશે કે જનતાના આરોગ્યને જોખમાવતી પ્રવૃત્તિઓમાં સામેલ કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા પ્રત્યે દયા રાખવામાં આવશે નહીં. ગુજરાતની પ્રજા નકલી પદાર્થોથી આઝાદી મેળવવાની રાહ જોઈ રહી છે.

## ફેશન ઘેલછામાં હાંફતી આપણી ધરતીં

**અંજલિ પ્રજાપતિ**
**પારડી**



આજના યુગમાં કબાટ કપડાંથી ભરેલો હોવા છતાં આપણને દર બીજા દિવસે એવું લાગે છે કે આપણી પાસે પહેરવા માટે કંઈ નવું નથી. આ વિચારસરણી પાછળનું સૌથી મોટું કારણ છે—ફાસ્ટ ફેશન એટલે કે સસ્તા, ટ્રેન્ડી અને ઝડપથી બદલાતા કપડાંનો વધતો ક્રેઝ. સોશિયલ મીડિયા અને રીલ્સની દુનિયાએ આ સંસ્કૃતિને એટલી હવા આપી છે કે અઠવાડિયે-અઠવાડિયે નવા કપડાં ખરીદવા એ જરૂરિયાત નહીં, પરંતુ એક સ્ટાઈલ સ્ટેટમેન્ટ બની ગયું છે. પરંતુ જે કપડાં આપણને ખૂબ જ સસ્તા ભાવે મળી જાય છે, તેની અસલી અને ભારે કિંમત આપણા પર્યાવરણે ચૂકવવી પડી રહી છે. આપણે જે નવો ટ્રેન્ડ થોડા દિવસો માટે અપનાવીને ફેંકી દઈએ છીએ, તે પ્રકૃતિ પર એવો બોજ બની રહ્યો છે જેને નાબૂદ થવામાં સદીઓ લાગી જશે.

ફાસ્ટ ફેશનની સૌથી ભયાનક અસર આપણા જળ સંસાધનો પર પડી રહી છે. કપડાં બનાવવા, ખાસ કરીને કપાસ ઉગાડવા અને તેને મનગમતો રંગ આપવામાં અબજો લિટર પાણીનો અંધાધૂંધ ઉપયોગ થાય છે. એક સામાન્ય કોટન ટી-શર્ટ બનાવવામાં હજારો લિટર પાણી વહી જાય છે, જે એક માણસ વર્ષો સુધી પી શકે છે. આટલું જ નહીં, ઝેરી કેમિકલ્સ અને સિન્થેટિક રંગોથી ભરેલું આ પાણી કોઈ પણ વગર ટ્રીટમેન્ટે નદીઓ અને સમુદ્રોમાં વહાવી દેવામાં આવે છે, ટ્રેન્ડ પૂરો થતાં જ આ કપડાં નકામા માની લેવામાં આવતા હોવાથી દર વર્ષે લાખો ટન કપડાં કચરાના ઢગલામાં ફેંકી દેવાય છે. પોલિએસ્ટર જેવા સિન્થેટિક કપડાં વાસ્તવમાં પ્લાસ્ટિકનું જ એક રૂપ છે, જે કુદરતી રીતે સડતા નથી અને સેંકડો વર્ષો સુધી કચરાના ઢગલામાં પડ્યા રહે છે. જયારે તેને સડાવવાનો કે બાળવાનો પ્રયાસ કરવામાં આવે છે, ત્યારે તેમાંથી ભારે માત્રામાં ઝેરી વાયુઓ અને કાર્બન ડાયોક્સાઈડ બહાર નીકળે છે, જે ગ્લોબલ વૉર્મિંગ અને આબોહવા પરિવર્તનને સીધું પ્રોત્સાહન આપે છે. ફેશન ઈન્ડસ્ટ્રી આજે એવિએશન અને શિપિંગ ઈન્ડસ્ટ્રી કરતાં પણ વધુ કાર્બન ઉત્સર્જન માટે જવાબદાર બની ચૂકી છે.

આ અંધદોડને રોકવા માટે આપણે આપણી વિચારસરણી અને પ્રાથમિકતાઓને બદલવાની ભારે જરૂર છે. સસ્ટેનેબલ ફેશન એટલે કે ટકાઉ કપડાંને આપણી જીવનશૈલીનો હિસ્સો બનાવવો એ હવે વિકલ્પ નહીં, પરંતુ મજબૂરી બની ચૂક્યો છે. કપડાંને માત્ર એક વાર પહેરીને ફેંકી દેવાને બદલે તેનું રિસાઈક્લિંગ, જૂની વસ્તુઓનો ફરીથી ઉપયોગ અને સારી ગુણવત્તાવાળા કપડાંની ખરીદી પર ધ્યાન આપવું પડશે. ઓછા કપડાં ખરીદવા, પોતાના જૂના કબાટમાંથી જ નવા પ્રયોગો કરવા અને કુદરતી રેશામાંથી બનેલા કપડાંને પ્રાથમિકતા આપવી જ આ વિનાશક ચક્રને તોડી શકે છે. આપણે એ સમજવું પડશે કે દર અઠવાડિયે બદલાતા ફેશન ટ્રેન્ડ્સ કરતાં વધુ કિંમતી આપણી આવનારી પેઢી માટે સ્વચ્છ હવા, શુદ્ધ પાણી અને એક સુરક્ષિત ધરતી છે.

# સ્થાનિક સમાચારો

Thursday 20, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

### વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સંકલિત બાળ વિકાસ યોજના શાખાની ત્રિમાસિક બેઠક મળી

## કલેક્ટરની બાળકોના વિકાસ અને આરોગ્યલક્ષી માપદંડો સુધારવા તાકીદ


(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં કલેકટર નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સંકલિત બાળ વિકાસ યોજના શાખાની ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત ચાલી રહેલી વિવિધ કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન આંગણવાડી કેન્દ્રો મારફતે બાળકો અને માતાઓને આપવામાં આવતી વિવિધ સેવાઓની ગુણવત્તા,



પોષણની સ્થિતિ, આરોગ્ય તપાસ, વૃદ્ધિ નિરીક્ષણ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવા તેમજ કુપોષિત બાળકોની સમયસર ઓળખ કરી તેમને જરૂરી પોષણ અને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે વધુ સઘન કામગીરી હાથ ધરવા કલેકટર દ્વારા સૂચના આપવામાં આવી હતી. બેઠક દરમિયાન સગર્ભા અને ધાત્રી માતાઓને નિયમિત આરોગ્ય તપાસ, પોષણયુક્ત આહાર, જરૂરી માર્ગદર્શન અને સમયસર આરોગ્ય સેવાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આંગણવાડી કેન્દ્રોમાં બાળકો માટે સલામત, સ્વચ્છ અને અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ રહે તે માટે કેન્દ્રોની માળખાગત સુવિધાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રોમાં જરૂરી મકાન, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, વીજળી, રસોડું, સ્વચ્છતા સહિતની મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહીં તેની ચકાસણી કરી, જ્યાં કોઈ ખામી જણાય ત્યાં સમયબદ્ધ ધોરણે જરૂરી કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં સરકારની બાળ વિકાસ અને માતા-બાળ આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થી સુધી અસરકારક રીતે પહોંચે અને યોજનાઓના અમલીકરણમાં ગુણવત્તા જળવાઈ રહે તે માટે વિભાગીય અધિકારીઓ તથા આંગણવાડી કાર્યકરો દ્વારા સંકલિત અને પરિણામલક્ષી કામગીરી કરવા પર ભાર મૂકાયો હતો. બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નાહુલી પોદાર વર્લ્ડ સ્કુલમાં સ્વાતંત્રતા દિન ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** ૮૦ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી પોદાર વર્લ્ડ સ્કૂલ, નાહુલી, વાપીના કેમ્પસમાં આકર્ષક રીતે કરવામાં આવી હતી.

જેમાં મુખ્ય મહેમાન તરીકે બલવિંદર સિંઘ જે એક હેલિકોપ્ટર પાઈલટઅને તેમના સાથી મિત્ર સુલતાન સિંહ રેન્ક - એસીડી, પરધન નાવિક બચાવ મરજીવો, એર ક્રૂ ડાયવર્ટ પ્રોફેશનલ હેલિકોપ્ટર અને પાણીની અંદર કોઈપણ કામગીરી માટે સક્ષમ.જેમને દક્ષિણ ગુજરાતના પૂરમાં મદદ કરનારા લોકોને મદદ કરવા બદલ શૌર્ય પુરસ્કાર મળ્યો હતો. તેમના હસ્તે ૮ વાગ્યે શાળાના મેદાનમાં અમારા રાષ્ટ્રધ્વજને ફરકાવવામાં આવ્યો મુખ્ય અતિથિએ દરેક વિદ્યાર્થીઓ ને ખુબજ સરસ અને મહત્વના પ્રોત્સાહનો આપ્યા હતાં.

ધોરણ ૩ થી ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર વ્યક્તવ્ય આપવામાં આવ્યા હતા તેમજ વિદ્યાર્થઓએ અનેક દેશ ભક્તિ ગીત, પિરામિડ અને નૃત્ય પરફોર્મન્સ દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી હતી. આચાર્ય સુનિતા પટનાયકે મુખ્ય અતિથિ, શિક્ષકો , નોન -ટીચિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.

## ચલા પીએમશ્રી મુખ્ય શાળામાં સ્વાતંત્ર પર્વની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** પીએમ શ્રી ચલા મુખ્ય શાળા તા.વાપી, જીલ્લો વલસાડમાં ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૬, ૮૦ મા સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના ૩૦૦ બાળકો, ૧૫ શિક્ષકો તથા ૨૫૦ જેટલા ગ્રામજનો, વાલીઓ, સ્થાનિક અગ્રણીઓ શાળામાં હાજર રહ્યા. પરેડ હોસ્ટ કરનાર વિદ્યાર્થી આયુષી રાજેશ ઠાકોર દ્વારા મહેમાનને આવકારવામાં આવ્યા પૂજાબેન અરોરા, રોટરી ક્લબ ઓફ વાપી વેસ્ટના હસ્તે શાળામાં ધ્વજ ફરકાવવામાં આવ્યો. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત સુંદર અભિવ્યક્તિઓ પ્રસ્તુત કરવામાં આવી. જે જોઈને આવેલ સૌએ બાળકો અને શાળાને અભિનંદન પાઠવ્યા.

આ સુંદર પ્રસંગે રોટરી ક્લબ ઓફ વાપી વેસ્ટ દ્વારા શાળાને કલર પ્રિન્ટર ભેટ આપવામાં આવ્યું તથા મહેશ્વરી મંડળ ઓફ વાપી પ્રેસિડેન્ટ મનીષાજી અને સેક્રેટરી શિલ્પીજી એ બાળકોને જંક ફૂડની જગ્યાએ હેલ્ધી ફૂડ આપવાના ઈનીસીએટીવ કરીને તમામ બાળકોને હોમ મેડ કપ કેક આપી.

રીમાબેન કાલાણી અને તેમના પુત્ર દ્વારા બાળકોને કેળા આપવામાં આવ્યા તથા વિવેકભાઈ ભાઠેલા, બાલુકાકા, દીપીક્ષાબેન, ચંદ્રકાંતભાઈ દ્વારા બાળકોને બિસ્કીટ અને ચોકલેટ અને અર્ચનાજી દ્વારા બાળકોને સીડ પેન્સિલ આપવામાં આવી. આમ ખૂબ સુંદર નવા નવા વિચારો અને પ્રકલ્પો સાથે કાર્યક્રમ આનંદપૂર્ણ રીતે ઉજવાયો સમગ્ર કાર્યક્રમ ના આયોજન કરનાર આચાર્ય પ્રીતિબેન ડી હેડાઊ, શિક્ષક મિત્રો અને બાળકોને સૌએ અભિનંદન પાઠવ્યા.

## વાપીની સરદાર વલ્લભભાઈ પટેલ હાઇ.માં ઉત્સાહભેર સ્વતંત્રતા દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપી સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ ખાતે ૮૦મો સ્વતંત્રતા દિવસ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. મુખ્ય મહેમાન કંચન બી. યાદવ, શાળાના મેનેજર હરિલાલ બુધીરામ યાદવ, શાળાના આચાર્ય હરિલાલ પાલ અને તમામ શિક્ષકો હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન દ્વારા ધ્વજવંદન સમારોહ યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રગીત સાથે ધ્વજને સલામી આપી હતી, અને વિદ્યાર્થીઓએ ભાષણો અને દેશભક્તિના કાર્યક્રમો રજૂ કર્યા હતા. મુખ્ય મહેમાન કંચન બી. યાદવે તમામ વિદ્યાર્થીઓને સંબોધતા આપણા દેશના યુવાનોને પોતાના દેશ માટે દેશભક્તિની ભાવના રાખીને દેશની બહાદુરી અને સન્માન જાળવી રાખવાનો સંદેશ આપ્યો હતો. શાળાના અધ્યક્ષ હરિલાલ બુધીરામ યાદવજીએ તેમને રમતગમત અને શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે આગળ વધતા રહેવા પ્રેરણા આપી હતી. શાળાના આચાર્ય હરિલાલ પાલજીએ તમામ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે આજના યુવાનો આપણા દેશનું ભવિષ્ય છે અને તેમને હંમેશા દેશ પ્રત્યે ફરજ અને વફાદારી સાથે જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપી. અને હંમેશા દેશ પ્રત્યે પ્રેમ અને સદ્ભાવના જાળવી રાખવાનો સંદેશ આપ્યો હતો.

## પારડીની જે.પી.પારડીવાલા કોલેજમાં સ્વાતંત્રતા દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૯:** પારડી સ્થિત જે.પી. પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દેશના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રધ્વજને સલામી અને રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી. કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું ધ્વજવંદન પ્રસંગે કોલેજના NCC કેડેટ્સ દ્વારા શિસ્તબદ્ધ રીતે આમંત્રણ તથા પરેડની કામગીરી કરવામાં આવી હતી. કેડેટ્સની દેશભક્તિ, શિસ્ત અને ઉત્સાહપૂર્ણ ભાગીદારી કાર્યક્રમનું વિશેષ આકર્ષણ બની હતી. આ પ્રસંગે કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈએ પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકગણ, કર્મચારીઓ, NCC કેડેટ્સ , NCC ના સ્વયંસેવકો તથા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સૌએ દેશની એકતા, અખંડિતતા અને પ્રગતિ માટે સંકલ્પબદ્ધ થવાનો સંદેશ આપ્યો હતો રાષ્ટ્ર પ્રથમ, રાષ્ટ્ર સર્વોપરી ના ભાવ સાથે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી હર્ષોલ્લાસભેર સંપન્ન થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સુદ્રઢ અને અસરકારક સંચાલન કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુની દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રા. જીતેન્દ્રકુમાર ટંડેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાપી વાઇબ્રન્ટ બિઝનેસ પાર્કમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાઈબ્રન્ટ બિઝનેસ પાર્ક ખાતે ભારતનો ૮૦મો સ્વાતંત્ર્ય દિવસ ખૂબ જ ઉત્સાહ, દેશભક્તિ અને સામૂહિક ભાવના સાથે ઉજવવામાં આવ્યો. પ્રમુખ શ્રી રોહિતભાઈ સોમપુરાની દૂરંદેશી વિચારસરણી અને પહેલથી આ વર્ષનો ધ્વજવંદન કાર્યક્રમ ખાસ યાદગાર બન્યો. આ પ્રસંગે સોસાયટીના નાનકડા બાળકોને રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું ગૌરવ આપવામાં આવ્યું. રાષ્ટ્રધ્વજ કિયાન્શ કપિલ બડાલા, અવિકા મયુર બડાલા, કનિષા મયુર બડાલા અને મિશા નિલેશ કોરાટ દ્વારા ફરકાવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સચિવ દીપક ગેવરિયા, એડમિનિસ્ટ્રેટર નિલેશ કોરાટ તથા કમિટીના સભ્યો દિલીપભાઈ શાહ, અતુલભાઈ ઝવેરી, અનિલભાઈ શર્મા, પ્રવીણભાઈ પ્રજાપતિ અને મયુર બડાલાની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી. આ કાર્યક્રમની તૈયારીઓ અને સફળ આયોજનમાં વિશેષ યોગદાન બદલ મનીષભાઈ આશેર (મેનેજર, વાઈબ્રન્ટ બિઝનેસ પાર્ક), શૈલેષભાઈ સોમપુરા તથા પ્રશાંત મહાજનનો વિશેષ આભાર અને અભિનંદન વ્યક્ત કરવામાં આવ્યા. તેમના સહયોગ, મહેનત અને સમર્પણથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું. સમારોહનું સમાપન દેશભક્તિ અને સામૂહિક એકતાની ભાવના સાથે થયું.

## ઉદવાડા સ્ટેટ બેંક દ્વારા ધ્વજવંદન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૯ :** સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા ની ઉદવાડા શાખામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો પારડી તાલુકાના ઉદવાડા સ્ટેશન ખાતે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈંડિયા ની શાખામાં જીગરભાઈ દેસાઈ કે જેઓ બેંકના ખાતેદાર છે તેમના દ્વારા ૮૦ માં સ્વતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે બેંકના મેનેજર તથા તેમના સ્ટાફ સાથે સૌ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે હાજર રહેલા આજ ગામના નિવૃત્ત આચાર્ય શૈલેષકુમાર જરીવાલા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સૌ ને દેશની સ્વતંત્રતાના અભિનંદન પાઠવવામાં આવ્યા હતા

### સંત નિરંકારી મિશન દ્વારા આયોજિત

## સેલવાસ અને ઉમરગામમાં રક્તદાન શિબિરમાં ૬૩૭ યુનિટ રક્ત એકત્ર કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતા જીના પાવન આશીર્વાદથી સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન (SNCF) દ્વારા ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સેલવાસ અને ઉમરગામમાં બે રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૬૩૭ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું.



ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ હોલ, ડોકમરડી ખાતે આયોજિત રક્તદાન શિબિરમાં સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશનનાં નેજા હેઠળ ૨૭૫ નિરંકારી ભક્તોએ ભારે ઉત્સાહ સાથે રક્તદાન કર્યું. આ શિબિરમાં સંત નિરંકારી મિશનની સેલવાસ, ગલોંડા અને કરજગામ બ્રાન્ચોના શ્રધ્ધાળુઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો, જેમાં રેડ ક્રોસ રક્તદાન કેન્દ્ર સેલવાસ દ્વારા રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ શિબિરનો શુભારંભ નિરંકાર પ્રભુના સ્મરણ સાથે કરવામાં આવ્યો. ઉમરગામ ખાતે ગુજરાતી કુમારશાળામાં આયોજિત રક્તદાન શિબિરમાં ૩૬૨ નિરંકારી શ્રદ્ધાળુઓએ ઉત્સાહ સાથે રક્તદાન કર્યું. જેમાં વલસાડ રક્તદાન કેન્દ્ર અને ગ્મ્ય્ચ્ મેડિકલ કોલેજ હોસ્પિટલ વલસાડ દ્વારા આ શિબિરમાં રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ શિબિરનો શુભારંભ નિરંકાર પ્રભુના સ્મરણ સાથે કરવામાં આવ્યો,

આ બન્ને શિબિરોને સ્થાનિક સંયોજકની દેખરેખ હેઠળ સેવાદળ સ્વયંસેવકોના સમર્પિત પ્રયાસોથી સુવ્યવસ્થિત અને સફળતાપૂર્વક પૂર્ણ થયું.

## અટારની પી. કે. ડી. વિદ્યાલયમાં રક્ષાબંધન પર્વ અને નશામુક્તિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** નવસર્જન કેળવણી મંડળ સંચાલિત પી.કે.ડી. વિદ્યાલય, અટાર માં બ્રહ્માકુમારી સંસ્થાની બહેનોની ઉપસ્થિતિમાં રક્ષાબંધન પર્વની ઉજવણી સાથે નશામુક્તિ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના શિક્ષક નિનાદ રાઠોડ દ્વારા બ્રહ્માકુમારી સંસ્થા તથા સંસ્થા દ્વારા કરવામાં આવતી વિવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓનો સુંદર પરિચય આપવામાં આવ્યો હતો.

બ્રહ્માકુમારી સંસ્થાની બહેને પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં વિદ્યાર્થીઓને દારૂ, તમાકુ તથા અન્ય તમામ પ્રકારના નશાથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અંતર્ગત બ્રહ્માકુમારી સંસ્થાની બહેનોએ શાળાના તમામ કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ભાવસભર ઉજવણી કરી હતી. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય જીતેન્દ્ર ટંડેલે બ્રહ્માકુમારી સંસ્થાની તમામ બહેનોનો શાળા પરિવાર તરફથી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુંદર સંચાલન શાળાના શિક્ષક નિનાદ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં નશામુક્તિ, સ્વસ્થ જીવનશૈલી અને સામાજિક જવાબદારી અંગે સકારાત્મક સંદેશ પ્રસરી રહ્યો હતો.

## ધરમપુરના ત્રણ ગામોને કચરા માટે વાહનો ફાળવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ધરમપુર તાલુકાના ફૂલવાડી, મોહના-કાવચાલી તેમજ પીપલપાડા વિસ્તારમાં કચરાના વ્યવસ્થાપન માટે ત્રણ હાથી ટેમ્પો ફાળવવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારતના સંકલ્પને સાકાર કરવાના હેતુથી ફાળવાયેલા આ વાહનોની મદદથી ગામોમાં જાહેર સ્થળોએ ફેંકવામાં આવતા કચરાનો નિયમિત સંગ્રહ કરી તેને યોગ્ય સ્થળે પહોંચાડવામાં આવશે. જેના કારણે ગામોમાં સ્વચ્છતા જળવાઈ રહે તેવો મુખ્ય હેતુ છે. ધરમપુર તાલુકાને વધુ સ્વચ્છ બનાવવા આગામી સમયમાં અન્ય ગામોમાં પણ કચરા વાહનો ફાળવવામાં આવશે. આ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રણજીતભાઈ, તાલુકા પંચાયતના સભ્ય અશોક દીવા, ઉમેદ પઢેર. દેવું મોકાશી, સંબંધિત ગામોના સરપંચો તથા તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

## આગવો મિજાજને આગવી હાજરી ધરાવતા લેખક - ચંદ્રકાંત બક્ષી

**ભાગ્યેન્દ્ર પટેલ**
ભિનાર
(હાલ ને.બુ.ટ્ર., દિલ્હી)



અખબાર અને સામયિકોમાં કૉલમ લખતા લેખકોનો ય એક જમાનો હતો. એવા જમાનાના એક ધુરંધર કટારલેખક એટલે ચંદ્રકાંત બક્ષી. અગ્રણી સામયિકો અને પ્રતિષ્ઠિત અખબારોમાં નિયમિત એમની કૉલમ આવતી હોય જે વાંચવા વાચકો ચાતક બન્યા હોય કે આવતા અંકમાં પોતાની કોલમમાં બક્ષીસાહેબ શું લઈને આવશે? મૂળમાં તેઓ એક મોટા ગજાના લેખક અને સ્પષ્ટવક્તા તરીકે ય એવા જ વિલક્ષણ તરીક જાણીતા છે પરંતુ ગુજરાતી પત્રકારત્વમાં સ્તંભલેખનને એક વિશિષ્ટ લોકપ્રિયતા અને પ્રતિષ્ઠા અપાવનાર ધુરંધર કોલમિસ્ટ તરીકેનું શ્રેય એમના ફાળે છે. તેઓ એવા તો લોકપ્રિય હતા, અને એમની કોલમની એવી તે માંગ રહેતી કે તેઓ પોતે પણ કહેતા કે કોલમલેખન ક્ષેત્રે તેઓ 'હાઈએસ્ટ પેઈડ' લેખક છે. ચિત્રલેખા, અભિયાન, જેવાં સામયિકો અને સંદેશ, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, મિડ-ડે સહિત અનેક અખબારોમાં તેમની કટારો અને લેખો પ્રગટ થતા. ક્લોઝ-અપ, વાતાયન, સ્પીડબ્રેકર જેવાં તેમની કોલમનાં નામ વાચકો માટે વિશેષ આકર્ષણ હતું. બક્ષીની શૈલી એવી કે તેઓ બિલકુલ માપસર લખતા અને મુદ્દાસર લેખનમાં વિષયને ન્યાય આપવાની એમની સૂઝ ભારે ગજબની હતી. એ સમય એવો હતો કે, અખબાર કે સામયિક હાથમાં લેતાં વાચકને સમાચાર જેટલી જ આતુરતા બક્ષી સાહેબની કટાર વાંચવાની રહેતી. તેમની કલમમાં માહિતી હતી, વિચાર હતો, નિર્ભીકતા હતી, વ્યંગ હતું અને સૌથી વિશેષ—બક્ષીનો પોતાનો મિજાજ હતો. તેઓ કોઈને ખુશ કરવા માટે લખતા નહોતા. ગમ્યું તો ગમ્યું, ન ગમ્યું તો નિ:સંકોચ કહી દીધું. તેમની ભાષા ક્યારેક તીક્ષ્ણ બનતી, ક્યારેક ભેદક; પરંતુ વાંચનારને રોકી રાખવાની તેમની શક્તિ અદ્ભુત હતી. તેમનું લેખન વિચાર-વાહની રીતે એવું તે સુરેખ ચાલતું કે કહે છે તેઓ તેમના લખાણોનો ક્યારેય એક કરતાં વધુ કાચો મુસદ્દો તૈયાર કરતા નહોતા.

ઉત્તર ગુજરાતની ભૂમિએ અનેક અગ્રગણ્ય મોટા નામધારી સર્જકો ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિને આપ્યા છે. પાલનપુરમાં ૨૦ ઓગસ્ટ ૧૯૩૨ના રોજ જન્મેલા બક્ષીસાહેબ ઉત્તર ગુજરાતની એ જ ધરતીના ફરજંદ હતા. તેમનું જીવન એક સીધી રેખામાં આગળ વધ્યું નહોતું. તેમણે લગભગ બાર વર્ષ સુધી કલકત્તામાં કપડાંની દુકાનમાં વેપાર કર્યો, સાથે અભ્યાસ ચાલુ રાખ્યો અને એ જ સમયગાળામાં તેમની સર્જનયાત્રાનો આરંભ થયેલો. એ જ ક્રમમાં તેમની -થમ વાર્તા 'મકાનનાં ભૂત' જાન્યુઆરી ૧૯૫૧માં 'કુમાર' માસિકમાં પ્રકાશિત થઈ હતી અને ૧૯૫૭માં તેમનું પ્રથમ પુસ્તક 'પડઘા ડૂબી ગયા' પ્રકાશિત થયું. આગળ જતાં તેમણે અધ્યાપક, પ્રિન્સિપાલ અને ત્યારબાદ પૂર્ણકાલીન લેખક-પત્રકાર તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી. તેમની લેખનશૈલીમાં તીક્ષ્ણ અભિવ્યક્તિ અને માનવીય જીવનની ગૂંચવણોનું નિરૂપણ જોવા મળે છે. મહાનગરજીવનની એકલતા, લાગણીઓ, સંબંધો અને અસ્તિત્વની સમસ્યાઓ તેમની વાર્તાઓ અને નવલકથાઓમાં વારંવાર પ્રગટ થાય છે. વિવિધ વિષયો સમાવતી તેમની નવલકથાઓ તથા વાર્તાઓ વિશેષ નોંધપાત્ર છે. તેમની આત્મકથા 'બક્ષીનામા' પણ તેમના વ્યક્તિત્વ અને સમયને સમજવા માટે મહત્વનું સર્જન છે. તેમણે ૧૭૮ પુસ્તકો લખ્યાં જેમાં નવલકથા, વાર્તા, ઈતિહાસ, રાજકારણ, પ્રવાસ, નાટક અને અન્ય વિષયોનો સમાવેશ છે.

બક્ષીની નિર્ભીકતા તેમના લેખન જેટલી જ તેમના જાહેર જીવનમાં પણ જોવા મળતી. પુરસ્કારો અંગે પણ તેમનો પોતાનો સ્પષ્ટ અભિગમ હતો. 'પેરેલિસિસ' માટે ગુજરાત સરકાર તરફથી મળેલા ત્રીજા ઈનામના અડધા ભાગનો તેમણે અસ્વીકાર કર્યો હતો. તેમણે ગુજરાતીઓને 'મહાજાતિ' નામ આપેલું. અને ૧૯૮૪માં 'મહાજાતિ ગુજરાતી' પુસ્તક માટે ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ ઈનામ મળ્યું ત્યારે પણ તેમણે તે પરત કરી દીધું અને કહ્યું હતું કે આવાં ઈનામો યુવા લેખકોને આપવાં જોઈએ. તેમની ટૂંકી વાર્તા 'કુત્તી'ને લઈને અશ્લીલતાના આરોપસર કેસ તેમના પર કેસ ચાલેલો જે સામે તેઓ કોર્ટમાં બાહોશી સાથે લડ્યા હતા અને અંતે તેમની સામેના આરોપો પાછા ખેંચાયા હતા. આ પ્રસંગો બક્ષી સાહેબના સ્વભાવની એક મહત્વની બાજુ દર્શાવે છે—તેઓ પોતાની માન્યતા અને લેખન અંગે સમાધાન કરવા તૈયાર નહોતા. સાહિત્ય ઉપરાંત વિવિધ સામયિકો અને દૈનિકોમાં તેમનું કોલમલેખન પણ એટલું જ લોકપ્રિય હતું. આ રીતે સર્જક, કોલમિસ્ટ અને જાહેર વક્તા તરીકે બક્ષી સાહેબે ગુજરાતી જાહેરજીવનમાં પોતાની આગવી અને અજોડ છાપ ઊભી કરી હતી. ચંદ્રકાંત બક્ષી સાથેનો મારો એક પ્રસંગ વિશેષ સ્મરણરૂપ છે. ૨૦૦૩માં રાજકોટમાં મારી સંસ્થા દ્વારા મોટો પુસ્તકમેળો યોજાયેલો. તેમાં 'લેખકને મળો' એવા અમારા એક કાર્યક્રમના અતિથિવક્તા બક્ષીસાહેબ હતા. તેઓ માટે હોટેલમાં રહેવાની અને એરપોર્ટથી વાહનની વ્યવસ્થા મેં કરાવી દીધી હતી. તેઓ મુંબઈથી આવ્યા હતા. હું કોઈ વ્યવસ્થામાં હતો. ને મને ખબર મળી કે બક્ષીસાહેબ હોટેલ પર આવી ગયા છે અને મારું નામ લઈને મને શોધી રહ્યા છે. એમના ક્રોધ વિષે પણ મને ખબર હતી જ એટલે ફાળ પડી કે ક્યાંક વ્યવસ્થામાં ચૂક તો નથી થઈ! હું તરત જ હોટલે દોડી પહોંચ્યો. દરવાજો ખૂલતાં જ બક્ષીસાહેબે મને ભેટી પડ્યા. મેં આશ્ચર્ય અને ભયભીત ચિંતાથી પૂછ્યું કે કોઈ તકલીફ તો પડી નથી ને? તેમણે હસતાં કહ્યું કે બધી વ્યવસ્થા બરાબર છે, કોઈ મુશ્કેલી નથી; મારે તો એ જ જોવું હતું કે તું કોણ છે, ભાગ્યેન્દ્ર કોણ છે. બસ, તું મળી ગયો એટલે આનંદ થયો. હવે તું તારું કામ કર, હું થોડો આરામ કરીને સમયસર સ્થળે પહોંચી જઈશ. એવા નોખા તે બક્ષી. એમનો કાર્યક્રમ પૂરો થાય પછી એક તરફ હું અને બીજી બાજુ જે વસાવડા અમે એમના બંને હાથ ઝાલીને ચાલતા હતા. ફિલ્મી હીરોને ઘેરી વળે એવું વિદ્યાર્થીઓ અને યુવાનોનું મોટું ટોળું તેમને ઘેરી વળ્યું હતું. બક્ષીસાહેબ અંતરંગ વાતોમાં એમની ઉપેક્ષા, એવોર્ડ, અન્યાય વગેરે વિષે નિખાલસ કહી રહ્યા હતા. એવામાં એક યુવતી તેમની પાસે આવી અને તેણે પૂછ્યું, સાહેબ, તમે કયા હાથથી લખો છો? બક્ષીસાહેબે મારો હાથ છોડાવીને સામે બતાવતાં કહ્યું, આ હાથથી. યુવતીએ તેમનો એ હાથ પોતાના હાથમાં લીધો અને તેના પર ચુંબન કર્યું. એ ક્ષણનો હું સાક્ષી હતો. બક્ષીસાહેબને મેં કહ્યું, આનાથી મોટો હજી કયો એવોર્ડ છે? બક્ષીસાહેબનું એ વખતનું એ ખડખડાટ મુક્ત હાસ્ય આજે એવું તાજું છે. હું પોતે ક્યાં દક્ષિણ ગુજરાતનો ખેડૂતીયો કે જેણે થોડાં વર્ષ અગાઉ ક્યારેક વાતાયન વાંચતાં લેખક બક્ષીસાહેબનો હાથ ઝાલવાનું સપનું સુદ્ધાં જોયું હોય! એવા હતા બક્ષીસાહેબ. બહારથી તીક્ષ્ણ અને બેધડક લાગતા તેઓ ભીતરથી કેવા આત્મીયતા અને બાળક સમા ભોળા દિલના હતા એનો અનુભવ એમના મિત્રો અને સંપર્કમાં રહેલા અનેક લોકોને હશે. ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વમાં તેમણે જે કેડી કંડારેલી એ પ્રેરણા પર ચાલેલા આજે અનેકો સફળ પત્રકારો અને સર્જકો છે. ૨૦૦૬માં ૨૫મી માર્ચે ૭૩ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. એમની સર્જક તરીકેની સૌથી મોટી ઓળખ કદાચ તેમની કોઈ એક નવલકથા, વાર્તા કે કટારમાં બંધાતી નથી. તેમની સાચી ઓળખ હતી—તેમની પોતાની આગવી હાજરી.

અન્ય સમાચારો

Thursday 20, August 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 20, August 2026

# ઝેર તો પીધા છે જાણી જાણી

ખોરાક એ મનુષ્યની સૌથી મૂળભૂત અને પવિત્ર જરૂરિયાત છે, પરંતુ જ્યારે આ અનિવાર્ય જરૂરિયાતને નફાખોરીની અંધ દોડ સાથે જોડી દેવામાં આવે છે, ત્યારે તે જીવનનો આધાર રહેવાને બદલે ધીમા ઝેરમાં પરિવર્તિત થઈ જાય છે. દેશભરમાં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અને નકલી ચીજવસ્તુઓના વેચાણના જે ગંભીર કિસ્સાઓ રોજેરોજ સપાટી પર આવી રહ્યા છે, તે માત્ર કાનૂન ભંગની સામાન્ય ઘટનાઓ નથી, પરંતુ આપણા સમગ્ર સમાજના નૈતિક પતન અને અમાનવીય લાલચની ભયાવહ નિશાની છે. થોડા વધારાના રૂપિયા રળવા માટે દૂધમાં રસાયણો ભેળવવા, અસલી પનીરના નામે વનસ્પતિ ચરબીથી બનેલું બનાવટી પનીર પધરાવવું કે રસોઈમાં હલકી ગુણવત્તાવાળા તેલનો બેફામ ઉપયોગ કરવો, તે માત્ર ગ્રાહક સાથે છેતરપિંડી નથી; પરંતુ તે હજારો લોકોના જીવ સાથે રમાતી અત્યંત ક્રૂર રમત છે.

આ સમસ્યા હવે કોઈ નાના છૂટક વેપારીની છૂટીછવાઈ હરકત પૂરતી મર્યાદિત રહી નથી; તેણે એક અત્યંત સંગઠિત, વ્યાપક અને નફાકારક ગેરકાયદે સ્વરૂપ ધારણ કરી લીધું છે. તાજેતરમાં ગુજરાતના અમદાવાદ સહિતના શહેરોમાં આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન સેંકડો કિલોગ્રામ બનાવટી પનીર, અખાદ્ય તેલ અને શંકાસ્પદ ખાદ્યસામગ્રી જપ્ત કરવામાં આવી હતી. અનેક જાણીતા સ્થળોએ શુદ્ધ દૂધના પનીરના નામે કૃત્રિમ ઉત્પાદનો ઊંચા ભાવે પીરસાતા હોવાનું ખુલ્યું હતું. આ પરિસ્થિતિ માત્ર ગુજરાત પૂરતી સીમિત નથી. ઉત્તર પ્રદેશમાં હજારો કિલોગ્રામ નકલી દૂધ, ઘી અને માવો પકડાવો કે મહારાષ્ટ્રમાં કૃત્રિમ દૂધ બનાવતા મોટા આંતરરાજ્ય કૌભાંડનો પર્દાફાશ થવો, જ્યાં શુદ્ધતાના નામે શેમ્પૂ અને રસાયણો ભેળવવામાં આવતા હતા; આ તમામ ઘટનાઓ સાબિત કરે છે કે નફાખોરોની ગીધદ્રષ્ટિ દેશના દરેક ખૂણે પહોંચી ચૂકી છે. પવિત્ર યાત્રાધામો પણ તેમની આ લાલચમાંથી બાકાત રહ્યા નથી. આટલી હદે નૈતિક પતન પાછળનું એકમાત્ર કારણ રાતોરાત અઢળક સંપત્તિ એકઠી કરવાની અમાનવીય લાલચ છે. જ્યારે શુદ્ધ ખાદ્યસામગ્રીના ઉત્પાદનનો ખર્ચ વધે છે, ત્યારે નફો જાળવી રાખવા માટે સસ્તા અને હાનિકારક વિકલ્પોનો બેફામ ઉપયોગ થાય છે. ગ્રાહકની આંખમાં ધૂળ નાખીને સામગ્રી અસલી દેખાય અને નફાનો ગ્રાફ ઊંચો જાય, આ ક્રૂર ગણિતમાં માનવીય સ્વાસ્થ્યનું કોઈ જ મૂલ્ય બચતું નથી. બજારમાંથી હલકી ગુણવત્તાની કોઈ અન્ય ભૌતિક વસ્તુ ખરીદવાથી ગ્રાહકને માત્ર આર્થિક નુકસાન જશે, પરંતુ પેટમાં જતો ઝેરી કે ભેળસેળયુક્ત ખોરાક માનવ શરીરને કાયમી અપંગતા કે ગંભીર બીમારીઓ તરફ ધકેલી શકે છે. તેથી જ, ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળને માત્ર વ્યાપારી ગેરરીતિ તરીકે હળવાશથી લેવી એ સામાજિક વ્યવસ્થાની અત્યંત ભયાનક ભૂલ છે.

દમણગંગા ટાઇમ્સ
NEWS
CORPORATE NEWS

## Zetwerkએ ફ્રેશ ઈશ્યુ મારફતે રૂપિયા ૨,૬૦૦ કરોડ એકત્રિત કરવા માટે UDRHP ફાઈલ કર્યુ

**સુરત, તા. ૧૮ :** ભારત અને વિશ્વભરમાં ઈન્ડસ્ટ્રીયલ તથા કન્ઝ્યુમર ગુડ્સ માટે ટેકનોલોજી-આધારિત એસેટ-લાઈટ મેન્યુફેક્ચરિંગ પ્લેટફોર્મ, ઝેટવર્ક (ક્ષ્ફૂદષ્ફૂશ્વ઼)એ ૯૨૭૮ પાસેથી તેના અપડેટ થયેલા શ્ઝ્રયણ્ભ દાખલ કર્યું છે. સૂચિત -રંભિક જાહેર ભરણું (ત્ભ્બ)માં રૂપિયા ૧ ફેસવેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યુનો સમાવેશ થાય છે,જેની કૂલ વેલ્યુ રૂપિયા ૨,૬૦૦ કરોડ સુધી છે. આ સાથે જ તેમાં શેરધારકો દ્વારા વેચવામાં આવી રહેલા રૂપિયા ૧ ફેસવેલ્યુના ૯૬,૮૩૭,૪૫૫ શેરના ઓફર ફોર સેલ(બ્જ્ીલ)નો સમાવેશ થાય છે. કંપનીના -મોટર અમૃત -તીક આચાર્ય અને શ્રી નાથરામકૃષ્ણન છે. આ કંપની ભારત, અમેરિકા, જર્મની અને સ્પેનમાં પોતાના ૨૬ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ ધરાવે છે તથા અનેક દેશોમાં ફેલાયેલ ૬,૯૭૯ થર્ડ-પાર્ટી સપ્લાયર્સના નેટવર્કને એક સાથે જોડીને એક યુનિફાઈડ મેન્યુફેક્ચરિંગ નેટવર્ક બનાવે છે.

## વલસાડ પોલીસે બે દિવસમાં ૧૫થી વધુ બુલેટ ડિટેઈન કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા ૧૯ :** વલસાડ શહેરમાં બુલેટ બાઈકમાં મોડિફાઈડ સાયલેન્સર લગાવી જોર જોરથી અવાજ ફેલાવી શાંતિ ભંગ કરતા વલસાડ ટ્રાફિક પોલીસે હાથ ધરી છેલ્લા બે દિવસમાં ૧૫ જેટલા બુલેટ ચાલકો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરતા બુટલ ચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

વલસાડ જિલ્લા પોલીસ વડાના સીધા માર્ગદર્શન હેઠળ વલસાડ સીટી પોલીસ અને ટ્રાફિક પોલીસે સંયુક્ત કાર્યવાહી હાથ ધરીને ટ્રાફિક નિયમોનો ભંગ કરતા તત્વો સામે લાલ આંખ કરી છે..શહેરમાં છેલ્લા બે દિવસ દરમિયાન પોલીસે સઘન ચેકિંગ હાથ ધરીને ૧૫થી વધુ મોડિફાઈડ સાયલેન્સરવાળી બુલેટને ડિટેઈન કરી છે. કાર્યવાહી દરમિયાન પોલીસે તમામ ડિટેઈન કરાયેલી બાઈકોમાંથી મોટા અવાજ કરતા મોડિફાઈડ સાયલેન્સર જાતે જ કઢાવી નાખ્યા હતા અને કાયદેસરનો દંડ ફટકાર્યો હતો. સંયુક્ત ટીમ દ્વારા આજે ૬ થી વધુ બુલેટ ઝડપી પાડી કાયદાનું ભાન કરાવવામાં આવ્યું હતું..રસ્તાઓ પર મોટા અવાજ અને ફટાકડા જેવા ધડાકા કરી રાહદારીઓ તથા સ્થાનિક રહીશોમાં ભય અને અશાંતિ ફેલાવતા બાઈકર્સ સામે પોલીસનું આ કડક વલણ જોઈને શહેરીજનોએ રાહતનો શ્વાસ લીધો છે. પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે નિયમોનો ભંગ કરી મોડિફિકેશન કરાવનારા વાહનચાલકો સામે આગામી દિવસોમાં પણ આ જ પ્રકારે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

# હાલરની ગોપાલ ડેરીમાંથી શંકાસ્પદ પનીર ઝડપાયું






**ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા આશરે ૧૫,૭૭૫નો જથ્થો નાશ કરાયો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા ૧૯ :** ખોરાક અને ઔષધ નિયમન તંત્ર વલસાડ દ્વારા તારીખ ૧૯/૦૮/૨૦૨૬ના રોજ અચાનક હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન શંકાસ્પદ પનીરનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.ડેઝિગ્નેટેડ ઓફિસર એ.આર. વલવીના માર્ગદર્શન હેઠળ ફૂડ સેફટી ઓફિસર કુ. ભાવીકા બી. પટેલ દ્વારા વલસાડના હાલર રોડ પર, હાલર તળાવની સામે આવેલી ગોપાલ ડેરી માં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ડેરીમાંથી લેબલ વગરનો આશરે ૫૭ કિલોગ્રામ શંકાસ્પદ પનીરનો જથ્થો મળી આવ્યો હતો. શંકાસ્પદ જથ્થામાંથી એન્ફોર્સમેન્ટ નમૂનો લઈ પૃથ્થકરણ (લેબ ટેસ્ટિંગ) માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે. જથ્થાનો નાશેં લેવાયેલા નમૂના સિવાયનો બાકીનો તમામ પનીરનો જથ્થો, જેની અંદાજિત કિંમત ૧૫,૭૭૫ થાય છે, તેનો સ્થળ પર જ નાશ કરાવવામાં આવ્યો હતો. ફૂડ વિભાગના જણાવ્યા અનુસાર, લેબોરેટરીમાંથી પૃથ્થકરણ અહેવાલ (ટેસ્ટ રિપોર્ટ) આવ્યા બાદ ડેરી સંચાલક સામે આગળની કાયદેસરની યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# વઘઈમાં ઘરેલુ LPG ગેસ સિલિન્ડરની કાળાબજારી અંગે ગંભીર આક્ષેપો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા ૧૯ :** ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ગરીબ અને સામાન્ય નાગરિકો માટે અત્યંત આવશ્યક એવા ઘરેલુ એલપીજી ગેસ સિલિન્ડરના વિતરણમાં મોટા પાયે કાળાબજારી અને ગેરરીતિ થતી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.સરકાર દ્વારા નિયત કરાયેલા રૂ. ૯૩૦ના ભાવ સામે ગ્રાહકો પાસેથી રૂ. ૧,૮૦૦ સુધીનો બમણો ભાવ વસૂલવામાં આવતો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે,જેના કારણે ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ સમગ્ર કાળાબજારીના મોડસ ઓપરેન્ડીનો ખુલાસો કરતી એક કથિત ઓડિયો ક્લિપ હાલ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહી છે. વાયરલ ઓડિયો સંવાદ અનુસાર, એક ગ્રાહક ગેસ સિલિન્ડર મેળવવા માટે સંપર્ક કરે છે ત્યારે સામે પક્ષેથી ચોખ્ખું જણાવવામાં આવે છે કે જો ગ્રાહક પાસે પોતાની અધિકૃત ગેસ ચોપડી (પાસબુક) ન હોય અથવા તો ચોપડી વગર બાટલો જોઈતો હોય, તો તેને ૧,૮૦૦ ચૂકવવા પડશે. આ સંવાદમાં એવું પણ સામે આવ્યું છે કે ચોપડી વગરના બાટલા અન્ય ગ્રાહકોના નામે અથવા ગાડીવાળા મારફતે ભરાવીને ઊંચા ભાવે બારોબાર વેચી દેવામાં આવે છે. ગ્રાહકે ભાવ ઘટાડવાની વિનંતી કરી હોવા છતાં, સામેથી ૧,૮૦૦થી ઓછા ભાવે બાટલો આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો.જોકે, સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી આ ઓડિયો ક્લિપની સત્યતા કે પ્રમાણિકતા અંગે હજુ સુધી વહીવટી તંત્ર દ્વારા કોઈ અધિકૃત પુષ્ટિ કરવામાં આવી નથી. પરંતુ, જો વાયરલ સંવાદમાં કરાયેલા દાવો સાચા સાબિત થાય, તો તે આવશ્યક ચીજવસ્તુ ધારાના નિયમોનો સીધો ભંગ અને ગ્રાહકોના હિત વિરુદ્ધનો ગંભીર અપરાધ ગણાય.આ ઘટનાને પગલે વઘઈ તાલુકાના સ્થાનિક નાગરિકો અને ગ્રાહક સુરક્ષા સમિતિઓએ માંગ કરી છે કે જિલ્લા પુરવઠા વિભાગ, વઘઈ વહીવટી તંત્ર અને સંબંધિત ગેસ કંપનીઓ દ્વારા આ વાયરલ ઓડિયોની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. સ્થાનિકોનું કહેવું છે કે ગેસ એજન્સીઓ દ્વારા ગ્રાહકોના હક્કના બાટલા બારોબાર ઊંચા ભાવે કાળાબજારીમાં વેચી દેવાની પ્રવૃત્તિ પર તાત્કાલિક રોક લગાવવી જોઈએ અને તપાસ દરમિયાન જે પણ વ્યક્તિ કે એજન્સી દોષિત જણાય તેમની સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે. આવશ્યક ચીજવસ્તુઓના યોગ્ય, પારદર્શી અને ન્યાયી વિતરણ માટે વહીવટી તંત્રનો કડક હાથ કામ કરે તે જ ગ્રાહકોના હિતમાં છે.

# દમણમાં અગ્નિ સલામતી તાલીમ અને મોક ડ્રીલ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા ૧૯ :** અગ્નિ અને કટોકટી સેવાઓ વિભાગ, દમણ દ્વારા, આગની કટોકટીનો અસરકારક રીતે પ્રતિભાવ આપવા અને અગ્નિ સલામતી જાગૃતિ વધારવા માટે મોતી દમણમાં અગ્નિ સલા

મતી તાલીમ અને મોક ડ્રીલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન, આગની ઘટનામાં ઝડપથી અને અસરકારક રીતે કેવી રીતે પ્રતિભાવ આપવો તે અંગે માહિતી આપવામાં આવી હતી. અગ્નિ વિભાગના અધિકારીઓએ વિવિધ અગ્નિશા

મક સાધનોના યોગ્ય અને સલામત ઉપયોગ, કટોકટીમાં સલામત સ્થળાંતર પ્રક્રિયા અને પ્રાથમિક સારવાર અંગે મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. તાલીમાર્થીઓને વ્યવહારુ કસરતો પણ આપવામાં આવી હતી, જેના દ્વારા તેઓએ અગ્નિ સલામતી સાધનોના ઉપયોગ અને કટોકટી દરમિયાન અનુસરવામાં આવતી સલામતી પ્રક્રિયાઓનો વ્યવહારુ અનુભવ મેળવ્યો હતો.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ, સ્ટાફ અને અધિકારીઓમાં અગ્નિ સલામતી જાગૃતિ વધારવાનો અને કોઈપણ કટોકટીમાં જાનમાલનું નુકસાન ઓછું કરવાનો હતો. શાળાના વિદ્યાર્થીઅ

ો, સ્ટાફ અને અધિકારીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અગ્નિ અને કટોકટી સેવાઓ વિભાગ, દમણના માર્ગદર્શન હેઠળ તાલીમ અને મોક ડ્રીલ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

# મજીગામથી દારૂ ભરેલી કાર સાથે ચાલક ઝડપાયો,ત્રણ વોન્ટેડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા ૧૯ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ મજીગામની હદ માંથી ચીખલી પોલીસે એક કારમાંથી રૂપિયા ૨.૫૨ લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડી ચાલકને પકડી પાડી દારૂનો જથ્થો ભરાવનાર અને મંગાવનાર સહિત ત્રણ વ્યક્તિઓને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

બનાવને પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલીન ને.હા નંબર ૪૮ ઉપર આવેલ મજીગામની હદમાં ચીખલી પોલીસ મથકના પોકો કાંતુ બાબુ તથા પિનલ અર્જુન વોચ રાખીને બેઠા હતા દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે એક મહેન્દ્રા કંપનીની મરાજો કાર નંબર એમએચ ૦૨ એફઈ ૨૫૨૬ માં દારૂ ભરીને સુરત તરફ જઈ રહ્યો છે દરમિયાન ઉપરોક્ત નંબર વાળી કારને આંતરિ ગાડી ની તલાસી લેતા ગાડીમાંથી વ્હીસ્કી તથા ટીન બિયર બાટલી નંગ ૧૧૫૨ જેની કિંમત રૂપિયા ૨.૫૨.૯૬૦ તથા ગાડી ની કિંમત રૂપિયા ૫ લાખ તેમજ એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૧૦૦૦૦ મળી કુલ રૂપિયા ૭.૬૨.૯૬૦ લાખનો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો છે જ્યારે પકડાયેલ ચાલક હર્ષિત વિષ્ણુ વર્મા રહે. રૂમ નંબર ૫ તિવારી ચાલ સંતોષ ભવન નાલાસોપારા ઈસ્ટ મુંબઈ મહારાષ્ટ્ર મૂળ રહે. રાજાજી નગર હીરા પટ્ટી પોસ્ટ આઝમગઢ જી. આઝમગઢ ઉત્તર પ્રદેશ જેની કડક પુછતાછ કરતાં આ દારૂનો જથ્થો પ્રખર મિશ્રા ઉર્ફે બોક્સર રહેવાસી પલસાણા જી. સુરત જેનુ પુરુ નામ સરનામું જણાયેલ નથી જેણે દારૂનો જથ્થો ભરાવ્યો હતો અને પ્રખર મિશ્રા નો કોઈ માણસ જે પલસાણા ખાતે દારૂ ભરેલી કાર લેવા આવનાર હોય આ ત્રણ શખ્સોને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ આર એન વાડલે કરી રહ્યા છે.

# ખેરગામમાં ખોટા પુરાવાથી જમીન એન.એ કરાવવા જતા માતા-પુત્ર સામે FIR

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા ૧૯ :** નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના ખેરગામ ખાતે જમીન એન.એ. કરવા માટે ખોટા પુરાવાઓ સરકારી કચેરીમાં રજૂ કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરતા જેની હકીકત સરકારી તંત્રને જણાતા સરકાર દ્વારા સદર ઘટના બાબતે ખેરગામના રહીશ એવા માતા અને પુત્ર સામે કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના ખેરગામ ખાતે આવેલ સર્વે / બ્લોક નંબર ૨૫ જેનો ક્ષેત્રફળ ૦- ૨૩- ૨૮ ચો. વાળી જમીન માટે બિનખેતીની પરવાનગી મેળવવા માટે ખેરગામના રહીશ નયનાબેન જયસુખ કંસારા તેમજ તેમનો પુત્ર ભૌતેશ જયસુખ કંસારા દ્વારા ઉપરોક્ત જમીન માટે આઈ. ઓ. આર. એ પોર્ટલ ઉપર તારીખ ૨૫. ૧૧. ૨૫ ના રોજ ઓનલાઈન અરજી કરેલ અને જે માટેના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ જોકે ઉપરોક્ત જમીન બાબતે ચીખલી કોર્ટમાં દાવો દાખલ થયેલ હોવા છતાં તેની વિગત નહીં દર્શાવી ખોટી માહિતી રજૂ કરી આ જમીન હાલ સ્થળે ખુલ્લી છે કે કેમ તેનો કોઈ ઉલ્લેખ ન કરી તેમ જ ઉપરોક્ત જમીન ઉપર ઘણા વર્ષોથી શાંતિ નીકેતન એજ્યુકેશન ટ્રસ્ટ નવસારી સંચાલિત પુષ્પ શાંતિ શાળાની બિલ્ડીંગ ઉભેલ હોવા છતાં શાળાની બિલ્ડીંગની વિગત સરકારી કચેરીને નહીં દર્શાવી તેમ જ ખોટી માહિતી રજૂ કરી અને અન્ય જમીનના ખુલ્લી જગ્યાના ફોટા રજૂ કરી ખોટા ડોક્યુમેન્ટ ઊભા કરી જેને સાચા તરીકે સરકારી કચેરીએ રજૂ કરી એકબીજાની મદદગારીથી ગુનો કરેલ હોય જે બાબત ધ્યાને આવતા નવસારી કલેકટર કચેરીમાં જમીન દફતર ચીટનીસ શાખામાં ફરજ બજાવતા અમિત નાગજી દેસાઈ (નાયબ મામલતદાર) એ આ બાબતે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં નયના જયસુખ કંસારા અને ભૌતેશ જયસુખ કંસારા વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ નવસારી રૂરલ પોલીસ મથકના પીઆઈ એ હાથ ધરી છે.

# તીધરામાં જમીનના કબજાને લઈ બીપીસીએલ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા ૧૯ :** પારડી તાલુકાના તીધરા ગામમાં જમીનના કબજાને લઈ બીપીસીએલ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધાઈ છે ૯ વર્ષથી જમીન ખાલી ન કર્યાનો આક્ષેપ કલેક્ટરની સમિતિએ અગાઉ જત્ય નોંધવાનો નિર્ણય કર્યા બાદ પણ કબજો ન મળતાં જમીન માલિક પોલીસ મથકે પહોંચ્યા હતા તીધરા ગામે આવેલી જમીનના કબજાને લઈને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ BPCL સામે લેન્ડ ગ્રેબિંગ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવાની માંગ સાથે જમીન માલિકે પારડી પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી છે. ભાડા કરારની મુદત વર્ષ ૨૦૧૭માં પૂર્ણ થઈ ગયા બાદ પણ કંપની દ્વારા જમીન ખાલી કરી તેનો કબજો પરત આપવામાં આવ્યો નથી એવો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. અગાઉ આ મામલે વલસાડ કલેક્ટર કચેરીની લેન્ડ ગ્રેબિંગ સમિતિ દ્વારા પણ પોલીસમાં જત્ય નોંધવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું ફરિયાદીએ જણાવ્યું છે.

# ગણદેવી રોડથી દારૂ સાથે ૩ આરોપીઓ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા ૧૯ :** ગણદેવી પોલીસે બાતમીના આધારે બીલીમોરા-ગણદેવી રોડ પર ભારત પેટ્રોલપંપ સામે નાકાબંધી કરી વલસાડથી સુરત તરફ જતી ઓટો રિક્ષા (GJ-15-Y-9861)માંથી રૂ.૧,૭૧,૬૮૦ ની કિંમતનો ૬૯૨ નંગ વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

પોલીસે રિક્ષા અને મોબાઈલ સહિત કુલ રૂ.૨,૧૬,૬૮૦ નો મુદ્દામાલ જપ્ત કરી શુભમકુમાર વિજયપ્રકાશ દુબે, યાસ્મિન બાકરઅલી અંસારી અને સબિયા જફર શેખ નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર સુરત ભેસ્તાનનો બાકરઅલી અંસારી વોન્ટેડ જાહેર કરાયો છે. પીઆઇ રાઠોડ, હે.કો.યોગેશ આહિર, હે.કો.ભરતભાઈ, પો.કો.નરેશભાઈ, વિપુલસિહ, પ્રકાશભાઈ, જયેશભાઈ અને લોમા કુમારીની કામગીરી સરાહનીય રહી હતી.

# વલસાડના આંધીયાવાડથી દારૂ સાથે મહિલા ઝડપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા ૧૯ :** વલસાડ સીટી પોલીસને મળેલી બાતમી આધારે વલસાડના શહીદચોક આંધીયાવાડ વિસ્તારમાં છાપો મારતા ૨.૫૩ લાખના દારૂ સાથે ૬૨ વર્ષીય મહિલા બુટલેગરની ધરપકડ કરી છે. જયારે દારૂ સપ્લાય કરનાર મુખ્ય આરોપીને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

વલસાડ સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. આર. એચ. વાળાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી કે, શહીદચોક આંધીયાવાડમાં રહેતી લલિતાબેન ઉર્ફે અલુ ડાહ્યાભાઈ ટંડેલ પોતાના ઘર પાછળ આવેલા મકાનમાં દારૂ સંતાડી રાખ્યો અને દારૂનું વેચાણ કરતી હોવાની બાતમી આધારે પોલીસે છાપો મળતા તેના ઘરે ના મોટા બે ડબ્બા તેમજ

પ્લાસ્ટિકની થેલીમાં સંતાડેલો દારૂ બિયરના ૧૦૦૦ જેટલી બાટલી કિંમત રૂપિયા ૨.૫૩ લાખનો દારૂ અને મોબાઈલ મળી કુલ ૨,૫૪,૧૩૭ ના મુદ્દા માલ સાથે આરોપી લલિતાબેન ઉર્ફે અલુ ડાહ્યાભાઈ ટંડેલ ઉ.વ. ૬૨, રહે. શહીદચોક આંધીયાવાડ, વલસાડ ની ધરપકડ કરી હતી.પોલીસ પકડાયેલી મહિલા આરોપી લલિતાબેન ને પૂછપરછ કરતાં તેણે જણાવ્યું કે દારૂનો જથ્થો તેણે ઉદય ઉર્ફે ભીખો ટંડેલ (રહે. શહીદ ચોક, વલસાડ) પાસેથી મંગાવ્યો હતો. સિટી પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ફરાર ઉદય ઉર્ફે ભીખાને પકડી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# ડાંગના ગવહાણથી દારૂ સાથે ૪ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા ૧૯ :** ડાંગ જિલ્લામાં પ્રોહિબિશન અને અસામાજિક પ્રવૃત્તિઓ સામે હાથ ધરવામાં આવેલા વિશેષ અભિયાન અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સુબીર પોલીસ સ્ટેશન વિસ્તારના ગવહાણ ગામે દરોડો પાડીને મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરી દરમિયાન પોલીસ દ્વારા ચાર આરોપીઓની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી છે, જ્યારે આ ગુનામાં સંકળાયેલા અન્ય ૮ ઈસમો સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ડાંગ LCB પી.એસ.આઈ.જે.જી. અનડકટ અને તેમની ટીમે સમગ્ર જિલ્લામાં ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન ગવહાણ ગામના બારીપાડા ફળિયામાં રહેતા સુરેશભાઈ રેવાભાઈ દેસાઈના ઘરે કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ખાલી કરી ઘરમાં રાખવામાં આવ્યો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.બાતમીના આધારે પંચોની હાજરીમાં ત્વરિત દરોડો પાડતાં પોલીસે સ્થળ પરથી ૪ ઈસમોને ઝડપી લીધા હતા.

પોલીસે ઘર અને બહાર પાર્ક કરેલી કારની તલાશી લેતાં ૧૮૦ એમ.એલ.ની વિદેશી દારૂની ૨,૯૪૯ બોટલો (કિંમત ૩,૮૪,૯૪૫/-), બીયરના ૩૬૦ ટીન (કિંમત ૪૫,૦૦૦/-) અને દેશી દારૂ ટેંગો પંચની ૮૯ બોટલો (કિંમત ૩,૫૬૦/-) મળી કુલ ૩,૩૯૮ નંગ દારૂ/બીયર (કિંમત ૪,૩૩,૫૦૫/-) જપ્ત કર્યો હતો.આ ઉપરાંત હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી ૧ મારૂતિ સ્વિફ્ટ કાર, ૨ મોટરસાઇકલ (યુનિકોર્ન અને સીડી-ડીલક્સ), ૩ એન્ડ્રોઇડ સ્માર્ટફોન અને ૫,૮૫૦ રોકડા મળી કુલ ૭,૪૪,૩૫૫/- નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. ઝડપાયેલા આરોપીઓમાં સુરેશભાઈ રેવાભાઈ દેસાઈ (ઉં.વ. ૨૪), રેવાભ

ાઈ હુડીયાભાઈ દેસાઈ (ઉં.વ. ૪૪), સંજયભાઈ ઉર્ફે સંજુ ઝીમનભાઈ સિંદે (ઉં.વ. ૨૪) અને વણકરભાઈ રમણભાઈ માળવી (ઉં.વ. ૨૩)નો સમાવેશ થાય છે.

પ્રાથમિક પૂછપરછમાં દારૂનો જથ્થો પૂરો પાડનાર, ભરી આપનાર અને મંગાવનાર અન્ય ૮ ઈસમોના નામો ખુલતાં કુલ ૧૨ આરોપીઓ વિરુદ્ધ સુબીર પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બગવાડા ટોલનાકા પાસે ટ્રક સાથે અથડાયેલી કારમાથી દારૂ મળ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા ૧૯ :** ટુકવાડા ડોમ્સ કંપની નજીકથી મળેલી બાતમીના આધારે પોલીસે નાકાબંધી કરી દારૂ ભરેલી સિલ્વર કલરની મારુતિ સુઝુકી સિયાઝ કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો.પોલીસના જણાવ્યા મુજબ, કાર વાપી તરફથી વલસાડ તરફ આવી રહી હતી. પોલીસે કારને રોકવાનો ઈશારો કરતાં ચાલકે કાર ઉભી રાખવાને બદલે બગવાડા ટોલનાકા તરફ પુરઝડપે હંકારી મૂકી હતી. પોલીસે ખાનગી વાહનમાં તેનો પીછો કર્યો હતો. દરમિયાન બગવાડા ટોલનાકા પહેલાં કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી આગળ જઈ રહેલા ટ્રકની પાછળ કાર અથડાવી દીધી હતી.

અકસ્મતમાં કારનું ક્લીનર સાઈડનું ટાયર ફાટી ગયું હતું તથા બોનેટ, કાચ અને બોડીના ભાગે નુકસાન થયું હતું. કાર બંધ પડી જતાં ચાલક કારમાંથી ઉતરી હાઈવે ક્રોસ કરી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો.પોલીસે કારની તપાસ કરતાં પાછળની સીટ તથા ડિક્કીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં વ્હિસ્કી, બીયર અને વોડકાની કુલ ૨૨ બોક્સમાં ૭૫૧ બોટલ/ટીન મળી આવ્યા હતા. દારૂનો કુલ જથ્થો ૨૨૯.૬૫૦ લીટર, કિંમત રૂ.૨,૫૯,૪૪૦ હોવાનું જાણવા મળ્યું હતું. દારૂની હેરાફેરીમાં વપરાયેલી મારુતિ સુઝુકી સિયાઝ કારની કિંમત આશરે રૂ.૫ લાખ ગણવામાં આવી છે. આમ પોલીસે દારૂ અને કાર મળી કુલ રૂ.૭,૫૯,૪૪૦નો મુદ્દામાલ કબજે કર્યો.

Thursday 20, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM NITUBEN NAVINBHAI PATEL TO NEW NAME NITUBEN RAJENDRAKUMAR PATEL AS PER DOCUMENTS

---

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

| | |
|---|---|
| | પરિયારી ગ્રામ પંચાયત, મોતી દમણમાં રામકુંડ, પરિયારી તલાવ ખાતે ચેઇનલિંક ફેન્સિંગ પૂરી પાડવી અને ફિક્સિંગ.(2nd Call) |
| | ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_4927_1 |
| For details please scan | ડાઉનલોડની છેલ્લી તારીખ :29-08-2026 |
| | હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :29-08-2026 |
| https://ddtenders.gov.in | બિડ ખોલવાની તારીખ :29-08-2026 |

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.–જીલ્લા પંચાયત, મોટી દમણ

NO.: IP/DMN/2/5/2026-27/444 DATED : 19/08/2026

---

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

| | |
|---|---|
| | નાની દમણની ભીમપોર ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળની સરકારી પ્રાથમિક શાળા, મોટી વાંકડ ખાતે શાળાના હાલના મકાનમાં છત બદલવી, જી.આઈ. (G.I.) શીટ નાખવી અને રંગકામની કામગીરી.(2nd Call) |
| | ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_4926_1 |
| For details please scan | ડાઉનલોડની છેલ્લી તારીખ :29-08-2026 |
| | હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :29-08-2026 |
| https://ddtenders.gov.in | બિડ ખોલવાની તારીખ :29-08-2026 |

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.–જીલ્લા પંચાયત, મોટી દમણ

NO.: IP/DMN/2/5/2026-27/443 DATED : 19/08/2026

---

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૮૦/૨૦૨૬**

**અરજદાર : મીનાબેન લલ્લુભાઈ વાલારિયા**
વારણા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, વારણા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **લલ્લુભાઈ દેવજીભાઈ વાલારિયાનું** મરણ તા.૧૨/૦૩/૨૦૧૩ના રોજ મોજે વારણા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત વારણાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત વારણાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી વારણા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૧૨/૨૦૨૬**

**અરજદાર : મન્છુભાઈ જાન્યાભાઈ કાળાત**
ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **કાકડભાઈ સોમાભાઈ કાળાતનું** મરણ તા.૨૨/૦૬/૨૦૧૧ના રોજ મોજે ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ઓઝરડાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ઓઝરડાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ઓઝરડા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---







---

## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી હમો નીચે સહી કરનાર હંસાબેન રમેશભાઈ પટેલ રહે. સુખાલા, દિપલી ફળિયા, તા.નાનાપોંઢા, જી. વલસાડના લાગતા વળગતા તમામ સર્વે જાહેર આલમને જણાવું છું કે,

મોજે - મોરખલ, ચોકીપાડા, તા. સેલવાસા, જી.દાદરા અને નગર હવેલીના ખાતા નં.૪૫

| જુનો સર્વે નંબર | નવો સર્વે નં. | પ્લોટ નં. | હે.-આરે.-પ્રતિઆરે | રૂા.પૈસા |
|---|---|---|---|---|
| ૪૨૯ | ૧૨૮૯ | ૩૬ | ૦ ૮૯ ૧૦ | ૨.૬૨ |

વાળી મિલકત પૈકી હમારા અસીલે રમણભાઈ ભાયલુભાઈ ગુરવનાઓના પાસેથી તેમના હિસ્સા તથા કબજાની ૦-૬ ગુંઠા જમીન હમારા અસીલે વેચાણ કરાર કરી અવેજની પુરેપુરી રકમ ચુકતે આપી વેચાણ મેળવેલી અને જરૂરી કરારો કરેલા પરંતુ ઉપરોક્ત જમીન મિલકતમાં હમારા અસીલના સરકારી રેકર્ડ દફતરે નામે કરવા માટે સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની જરૂર હોય તે માટે ઉપરોક્ત જમીન મિલકતના સરકારી રેકર્ડ દફતરના માલીકોની સહી સંમતિ જરૂર હોય તે સહી સમંતિ આજદિન સુધી આપેલ નથી આથી મહેસુલી રેકર્ડે નામ મુળ માલીકના હોય તેનો લાભ લઈ હમારા અસીલને વેચેલ જમીન અન્ય ત્રાહીત ઈસમને વેચાણથી આપવાનો પ્રયત્ન કરી રહેલા છે. તો કોઈ પણ ઈસમ કે સંસ્થાએ ઉપરોક્ત વર્ણનવાળી મીલકત હમારી લેખીત પરવાનગી વગર વેચાણ રાખવી નહી. અગર તેમ થશે તો વેચાણ રાખનાર ઈસમને કે સંસ્થાને સદરહુ મીલકતના કાયદેસરના કોઈ જ માલીકી હક્કો કે વગડે પ્રત્યક્ષ કબજો ભોગવટો અને ઉપરોક્ત જમીનનું ટાઈટલ કિલીયર મળશે નહી. જેની ગંભીર નોંધ લેશોજી.

**તારીખ ૧૯-૦૮-૨૦૨૬**
**સહી/-**
**હંસાબેન રમેશભાઈ પટેલ**

**મારી મારફત,**
**બ્રિજેશ વી. પટેલ**
**એડવોકેટ**
**મો.નં. ૯૯૭૮૮૪૮૭૪૧**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૩/૨૦૨૬**

**અરજદાર : ધીરૂભાઈ ઘેડકુભાઈ ધોડી**
**રહે.** કનાડુ, પ્લાટપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. એ.ડી. દુબલા)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કનાડુ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ધીરૂભાઈ ઘેડકુબાઈ ધોડી** રહે. કનાડુ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **દેવલીબેન બાબુભાઈ ધોડીનું** જન્મ/મરણ તા.૧૭-૦૨-૧૯૯૦ના રોજ મોજે - કનાડુ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૧૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૧૧/૨૦૨૬**

**અરજદાર : મન્છુભાઈ જાન્યાભાઈ કાળાત**
ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **સોમાભાઈ જાનાભાઈ કાળાતનું** મરણ તા.૦૧/૦૬/૧૯૭૫ના રોજ મોજે ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ઓઝરડાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ઓઝરડાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ઓઝરડા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---







દમણગંગા ટાઇમ્સ મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલવો
દમણગંગા ટાઇમ્સ : બ્લે.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

---

# વલસાડ રેલવે પોલીસે પાંચ બાઈક, ૬ રીક્ષા એન્જીન સાથે બે ને ઝડપ્યા

**વલસાડ, તા. ૧૯ :** પશ્ચિમ રેલવે વડોદરાના પોલીસ અધિક્ષક તથા સુરત વિભાગના નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ વલસાડ રેલવે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. પઢિયારની સૂચના મુજબ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે વલસાડ ઈસ્ટ રેલવે યાર્ડ, ઓવરબ્રિજ પાસે પાણીની ટાંકી નજીક રોડના વળાંક પાસે વોચ ગોઠવવામાં આવી હતી.

ત્યાં લાલ કલરના રિક્ષા ટેમ્પોમાં શંકાસ્પદ રીતે રેલવે કોલોની પાછળ આવેલી ઝાડી-ઝાખરામાંથી મોટરસાયકલ લોડ કરતા બે ઈસમોમાં દિનેશભાઈ પોપટભાઈ પ્રજાપતિ (ઉં.વ. ૪૪, હાલ રહે. કચીગામ પટેલ ફળિયા, તા.જિ. વલસાડ, મૂળ રહે. સીદસર, ભાવનગર તથા નંદલાલ સતીષભાઈ ગુપ્તા (ઉં.વ. ૩૭, ધંધો-વેપાર, રહે. રોણવેલ, રોડ ફળિયું, તા.જિ. વલસાડ)ની ધરપકડ કરી હતી.

પોલીસે આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આરોપીઓ ખાસ કરીને એવી જૂની બાઈકોને ટાર્ગેટ કરતા હતા જેમાં કોઈપણ ચાવી આસાનીથી લાગી જતી હોય. બાઈક ચોરી કર્યા બાદ તેઓ તેને રેલવે કોલોની નજીક ઝાડીઓમાં છુપાવતા અને બાદમાં બાઈકના સ્પેરપાર્ટ્સ તથા એન્જિન છૂટા પાડી અલગ-અલગ ભંગારમાં વેચી દેતા હતાં. પોલીસે જપ્ત કરેલો મુદ્દામાલમાં ૫ બાઈક હીરો-હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ (GJ-15-HH-1402) - કિંમત ૩૫,૦૦૦ (વલસાડ રેલવે પો.સ્ટે.) પેશન પ્રો (GJ-15-AM-7590) - કિંમત ૧૫,૦૦૦ (વલસાડ રેલવે પો.સ્ટે.) હીરો-હોન્ડા સ્પ્લેન્ડર (GJ-15-EE-767) - કિંમત ૧૫,૦૦૦ (વલસાડ રેલવે પો.સ્ટે.) હોન્ડા યુનિકોર્ન (GJ-21-N-5089) - કિંમત ૨૦,૦૦૦ (ધરમપુર પો.સ્ટે.) પેશન પ્લસ (GJ-15-MM-1567) - કિંમત ૨૦,૦૦૦ (ધરમપુર પો.સ્ટે.) પિયાગો રિક્ષા ટેમ્પો (GJ-05-BU-3527) - કિંમત ૭૫,૦૦૦ તેમજ સ્પ્લેન્ડર, પેશન પ્રો, સીડી ડૉન સહિતના અલગ-અલગ ૬ મોટરસાયકલના એન્જિન કિંમત ૧૫,૦૦૦ એક રિયલમી કંપનીનો મોબાઈલ ૧૦,૦૦૦ અને બાઈકની ચાવીઓ મળી કુલ મુદ્દામાલ કિંમત ૧,૯૦,૦૦૦થી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. રેલવે પોલીસે બે આરોપીની વલસાડ રેલવે પોલીસના ત્રણ ગુના ધરમપુર પોલીસ મથક બે ગુના ઉકેલ લાવ્યા છે. વલસાડ રેલવે પોલીસે બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અન્ય ચોરીના ગુનાઓમાં તેમની સંડોવણી અંગે વધુ તપાસ શરૂ કરી છે.

---

## CHANGE OF NAME

I have changed Old Name
FROM
**DHANJI K BHANUSHALI**
TO New Name
**DHANJIBHAI KORJIBHAI BHANUSHALI**
I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

**SD : DHANJIBHAI KORJIBHAI BHANUSHALI**
**ADDRESS :-**
I - Road Palli Hill - 3
Tithal Road, Valsad,
Gujarat - 396001

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૧૨/૨૦૨૬**

**અરજદાર : શ્રીમતી માછી નીતાબેન દાજીભાઈ**
**રહે.** માછીવાડ, ફણસા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. એ.ડી. દુબલા)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ફણસા**
**ગ્રામ પંચાયત કચેરી, ફણસા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શ્રીમતી માછી નીતાબેન દાજીભાઈ** રહે. માછીવાડ, ફણસા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સાસુ **જમનાબેન ભગવાનભાઈ માછીનું** મરણ તા.૦૬-૦૯-૨૦૦૧ના રોજ મોજે - ફણસા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૧૧૨/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૦૮/૨૦૨૬**

**અરજદાર : મન્છુભાઈ જાન્યાભાઈ કાળાત**
ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **મોતાયબેન સોમાભાઈ કાળાતનું** મરણ તા.૦૨/૦૮/૧૯૮૨ના રોજ મોજે ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ઓઝરડાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ઓઝરડાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ઓઝરડા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

## PUBLIC NOTICE

**SHIVA KAILASH SHUKLA, R/o. SF-2, Laxmi Niwas, Airport Road, Nani Daman, U.T. of Dadra and Nagar Haveli and Daman & Diu** has reported to my client Central Bank of India, Daman Branch that;

The Original Sale Deed and Receipt of Registration of Sale Deed in respect to survey No.406/3/1 adm.200.00 Sq.mtrs. along with construction adm. 232.47 Sq.mtrs. situated at Magarwada, Moti Daman within Magarwada Group Gram Panchayat area, within Registration Sub District, Daman District Daman, Dadra and Nagar Haveli & Daman & Diu dt.25.02.2012 duly registered in the office of the sub registrar Daman at document serial No.463/2012, Reg No. 451, Book No. 1. if Any person having interest in regard to the aforesaid properties/documents may notify to the undersigned in writing along with true attested document of claim within 7 (Seven) days from the publication of this public notice by registered mail, if no claim is lodged, my client will accept the version of the aforesaid original documents/securities are lost or misplaced as per his/their solemn declaration.

**20th August, 2026**

**Mehul R. Dave - Advocate for**
Central Bank of India, Daman Branch
110, Bhanu Darshan
Co.Op.Hsg.Soc.Ltd. Gunjan, G.I.D.C.,
Vapi, Tal.Vapi, Dist.Valsad.
Ph No.9998956550.

---

| UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU | |
|---|---|
| PWD CIVIL DIVISION NO.III (DP) NOTICE INVITING TENDER | |
| Rewinding and repairing of Motors at various site in DNH area for the year 2025-26 (8th call) | |
| | Tender No. 13 OF 2026-2027 |
| | Tender ID No. 2026_UTDNH_8217_1 |
| | On line downloading start of tender documents 18/08/2026 18:30 Hrs |
| | Last date & Time for Receipt of Bid/Upload Bid 31/08/2026 14.30 Hrs. |
| For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949 | Online Opening of Technical Bid 31/08/2026 16.00 Hrs. |
| | Online Opening of Price Bid 31/08/2026 16.30 Hrs. (If Possible) |
| | Any Other Details - |

EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA

No.5-2(1)/DNH/DP/2026 Dt.18/08/2026

NO.: IP/DMN/2/5/2026-27/441 DATED : 19/08/2026

---

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૧૦/૨૦૨૬**

**અરજદાર : મન્છુભાઈ જાન્યાભાઈ કાળાત**
ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **મકલુભાઈ કાકડભાઈ કાળાતનું** મરણ તા.૦૧/૦૧/૧૯૮૫ના રોજ મોજે ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ઓઝરડાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ઓઝરડાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ઓઝરડા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૦૯/૨૦૨૬**

**અરજદાર : મન્છુભાઈ જાન્યાભાઈ કાળાત**
ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **તુળીબેન કાકડભાઈ કાળાતનું** મરણ તા.૦૧/૦૬/૧૯૯૦ના રોજ મોજે ઓઝરડા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ઓઝરડાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ઓઝરડાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ઓઝરડા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---



# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ



## વાપીમાં વરસાદે વિરામ લેતાં માર્ગ મરામતનું કામ શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપીમાં વરસાદે વિરામ લેતા જ મહાનગરપાલિકા દ્વારા શહેરના વરસાદને કારણે ખરાબ થયેલા રસ્તાઓ અને માર્ગો પર પડેલા ખાડાઓ પુરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. રસ્તા રિપેરિંગની કામગીરી શરૂ થતાં વાહનચાલકો તેમજ સ્થાનિક રહેવાસીઓને ભારે રાહત મળવાની શક્યતા છે.

વાપી ટાઉનના સરદાર ચોકથી ઝંડા ચોક તેમજ આયુષ હોસ્પિટલથી બલીઠા સુધીના માર્ગ પર વરસાદના કારણે ખરાબ થયેલા રસ્તાઓ અને ખાડાઓ પુરવાની કામગીરી મહાનગર પાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી છે.

વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા વાપી ટાઉનના મુખ્ય બજારના સરદાર ચોક સર્કલ પાસે છેલ્લા કેટલાક દિવસોથી રસ્તો ખૂબ જ ખરાબ થઈ ગયો હતો અને મોટા ખાડાઓ પડી ગયા હતાં જેને લઈ વાહન ચાલકો તેમજ રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો તેવી જ રીતે વાપી ઝંડા ચોક, વાપી કસ્ટમ રોડ ઉપર આવેલ આયુષ હોસ્પિટલથી બલીઠા સુધીના માર્ગ ખૂબ જ બિસ્માર હાલતમાં હોવાથી આ અંગેની રજૂઆત સ્થાનિક લોકો તેમજ દુકાનદાર અને વાહન ચાલકો દ્વારા વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ તેમજ કમિશ્નરને કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ તેઓએ તાત્કાલિક આપેલ સૂચનાને ધ્યાને લઈ બાંધકામ વિભાગની ટીમ ઉપરોક્ત સ્થળ પર પહોંચી કામગીરી હાથ ધરવામાં આવી છે. રસ્તાઓનું રિપેરિંગ પૂર્ણ થયા બાદ વાહનચાલકોને અવરજવરમાં પડતી મુશ્કેલીમાં ઘટાડો થશે અને સ્થાનિકોને પણ રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## વાપી પંથકમાં પૂર માટે જવાબદાર કુદરતી કાંસ-નાળાઓ પરના દબાણોની નિષ્પક્ષ તપાસ જરૂરી

### નવા સમાવાયેલા ગામોના નકશા મેળવી કલેકટર કે, મનપા કમિશ્નર ખાસ સમિતિ બનાવી ડિમોલિશનની હિંમત બતાવી દબાણો દૂર કરવા જોઈએ







**વાપીના વાવડ - મુકુન્દ સોની**

વાપી અને તેની આસપાસના ૧૨ ગામોમાં થતા પૂરનું કારણ માત્ર વરસાદ નથી, પરંતુ કુદરતી કાસ અને નાળાઓ પર થયેલા ગેરકાયદે દબાણો છે. આ અંગે ગંભીરતાથી વિચાર કરી જિલ્લા કલેકટર અથવા વાપી મનપા કમિશ્નર દ્વારા ખાસ તપાસ સમિતિ બનાવી સ્થળ તપાસ કરાવવાની જરૂર છે.

વાપીના નકશા અને ગામતળના રેકોર્ડ મંગાવી કુદરતી વહેણ ક્યાંથી પસાર થાય છે અને તેના પર કેટલા દબાણો છે તેનો અભ્યાસ કરવો જોઈએ. ત્યારબાદ જે અધિકારીઓએ નિયમોને નેવે મૂકી મંજૂરી આપી હોય તેમની સામે કાયદાકીય પગલાં લેવા જોઈએ. સાથે જ ભૂતપૂર્વ સુરત મ્યુનિ. કમિશ્નર રાવની જેમ હિંમત દાખવી આવા દબાણોનું ડિમોલિશન કરી દાખલો બેસાડવો પડશે.

હાલની સ્થિતિ ચોંકાવનારી છે. વાપીના એસટી ડેપોથી લઈ જૂના પોલીસ સ્ટેશન આઝાદ નગર વિસ્તાર, ચલામાં કસ્ટમ રોડ, મુક્તાનંદ માર્ગથી મનપા ઝોન કચેરી પાછળ સ્મશાન ભૂમિ સુધીની કુદરતી કાસ બિલ્ડિંગોના દબાણથી સાંકડી અને દબાઈ ગઈ છે. પારેખ હોસ્પિટલ નજીક વિસ્તાર, કસ્ટમ રોડ, મહેશ્વરી ભવન સામે વિસ્તાર, કેવડી ફળિયા રોડથી દમણ તરફ કાબ્રા હાઉસ તરફનો વિસ્તાર, ટીબીઝેડ પાછળ દોઢ દશક પહેલા ખુલ્લી અને વિશાળ હતી તે કાસની દિશા જ બદલી નાખી તેની જમીન પર વિશાળ હાઉસિંગ પ્રોજેક્ટ ઉભા કરી દેવાયા છે. હવે ત્યાં આરસીસી સ્લેબ નાખી સાંકડી કાસ બનાવી તેના ઉપર પણ પાર્કિંગના દબાણો છે. છરવાડા ખોડિયાર નગરમાં પણ નાળા ઉપર બિલ્ડિંગો તાણીને બાંધવામાં આવી છે. સલવાવમાં ઘોડાપુર જેવી સ્થિતિ સર્જાઈ હતી ત્યારે હાઈવે ક્રોસ કરતી વિશાળ કાસ પર હાઈવે સર્વિસ રોડને લાગુ એક ખ્યાતનામ સ્કૂલ-કોલેજ દ્વારા દબાણ કરાયું હોવાનું સ્થાનિકો કહે છે. ચણોદમાં ચણોદ કોલોની મણિનગર વિસ્તારમાં કુદરતી કાંસ ઉપર એક સ્કૂલ તેમજ કેટલાક પાકા મકાનોનું દબાણ, શિવાજી નગરમાં પણ અનેક દબાણો કુદરતી વહેણને અવરોધી રહ્યા છે. આ જ રીતે કરવડ રોડને લાગુ સર્વે નંબર ૨૯૭ સામે કુદરતી કાંસ પૂરી દઈ તેના ઉપર પ્લોટિંગ થઈ ગયું છે તો સર્વે નંબર ૨૭૮, ૩૧૦, ૩૦૯, ૩૨૨, ૩૨૩, ૩૨૮, ૩૪૫, ૩૪૪, ૩૪૦, ૩૩૯, ૩૩૭, ૩૩૬, ૩૩૫ વિગેરે હદ પાસેથી પસાર થતી કુદરતી કાંસ ઉપર સંખ્યા કાચા પાકા દબાણો થઈ ગયા છે. કહેવાય છે કે ગામતળમાં નકશામાં ૨૦ ફૂટ પહોળી બોલતી કાંસ અનેક ઠેકાણે માંડ ૭ થી ૮ ફૂટની થઈ ગઈ છે.કહેવાય છે કે કુંડરતી કાંસથી ઓપન ટુ સ્કાઈ જગ્યા છોડી કોઈ પણ બાંધકામ કરવાનું હોય છે પરંતુ અહીં તો આખી કાંસ અનેક સ્થળે ગાયબ છે.જેને કારણે દર ચોમાસે પાટિયા, મોરા ફળિયા, સાઈ આસ્થા વિસ્તાર, દેસાઈવાડ જેવા વિસ્તારો પાણીમાં જળબંબાકાર થઈ જાય છે. ડુંગરી ફળિયા, ડુંગરા, મોરાઈ, કુંતા વિસ્તારના હાલ છે. બલીઠા અને જીઆઈડીસી બિલખાડી વિસ્તારમાં પણ નિષ્પક્ષ તપાસ થાય તો સેંકડો ગેરકાયદે દબાણો સામે આવશે.

ચાલુ વર્ષે સર્જાયેલ પૂર જેવી સ્થિતિ કુદરતી નહીં પણ માનવ સર્જિત છે તેમાં કોઈ શંકા નથી. સવાલ એ છે કે ભવિષ્યમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટે વહીવટી તંત્ર કેટલી હિંમત બતાવે છે?

### મનપા પોતાની ૬ એકર જગ્યા ખુલ્લી કરે...

વાપી સિટી વિસ્તારની ૬ એકર જગ્યા ખુલ્લી કરવાનો સમય આવી ગયો છે. નગર પંચાયત સમયની ઈમરાન નગર મસ્જિદને લાગુ કંચનનગરમાં મનપાની ૬ એકર જગ્યા આવેલી છે જેના ઉપર તે તત્કાલી કલેક્ટર દ્વારા ૭ થી ૮ લોકોને રહેવા માટે ફાળવેલી હતી. આજે એ જગ્યા ઉપર અનેક કાચા-પાકા મકાન, દુકાનોનું ગેરકાયદે બાંધકામ થઈ ગયું છે. આ સરકારી જગ્યા મનપા ખાલી કરાવી ત્યાં એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ બનાવી શકાય તેમ છે. કમિશ્નર આ બાબતે ધ્યાન આપે તે જરૂરી છે.

## બલીઠા સબવેનો એક્ઝિટ રોડ અકસ્માતને આમંત્રણ આપે છે



**વરસાદમાં ધોવાઈ ગયેલા એપ્રોચ રોડની બાજુમાં ખુલ્લી ગટર, વાહનચાલકો જીવના જોખમે હંકારવા મજબૂર**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૯ :** વાપીના બલીઠા સબવેનો એક્ઝિટ રોડ હાલ જોખમી બની ગયો છે. પૂર્વમાં ભારે વરસાદ દરમિયાન ધોવાઈ ગયેલા સબવેના એપ્રોચ રોડની એક બાજુ રેલીની ખુલ્લી ગટર અને બીજી ધોવાયેલ રોડ જોવા મળી રહ્યો છે. આને કારણે અહીંથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે.

સબવેમાંથી બહાર નીકળતી વખતે રોડ સાંકડો થઈ જાય છે અને બાજુમાં જ રેલીની ઊંડી ગટર આવેલી છે. રાત્રીના સમયે ગટર દેખાતી નથી. પરિણામે બે પૈડા અને ચાર પૈડા વાહનો પટકાઈ પડવાની ભીતિ સતત રહે છે.

આમ છતાં તંત્ર દ્વારા આ બાબતે ગંભીરતાથી ધ્યાન આપવામાં આવ્યું નથી. વાહન ચાલકોની માંગ છે કે મોટી દુર્ઘટના થાય તે પહેલા તંત્ર તાત્કાલિક બલીઠા સબવેના એપ્રોચ રોડની મરામત કરી રેલ્વેની ખુલ્લી ગટર બંધ કરવામાં આવે અથવા રેલીંગ બનાવાય તો વાહનચાલકો સુરક્ષિત રીતે અવરજવર કરી શકે.

## આજે વાપી સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા શિવ કથા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપીમાં સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે આજથી શિવ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા, પ્રદીપભાઈ દેસાઈ, રેખાબેન પ્રદીપભાઈ દેસાઈ, ઉજેશ શાહ તથા રામશંકર શાસ્ત્રીના હસ્તે કરવામાં આવશે.

શિવ કથાનું આયોજન તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૬થી ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ સુધી દરરોજ બપોરે ૨થી ૫ વાગ્યા દરમિયાન વાપીની નહેરુ સ્ટ્રીટ ખાતે આવેલા સિનિયર સિટીઝન કાઉન્સિલ હોલમાં કરવામાં આવ્યું છે. કથાના વક્તા તરીકે કીર્તિભાઈ રામશંકર શાસ્ત્રી શ્રોતાઓને શિવ કથાનું રસપાન કરાવશે. આ ધાર્મિક પ્રસંગના મુખ્ય યજમાન તરીકે નીલાબેન દિનેશભાઈ દેસાઈ સેવા આપી રહ્યા છે. તા. ૨૦ ઓગસ્ટ, ગુરુવારે વાપીના હનુમાન મંદિર, દેસાઈવાડા ખાતેથી પોથીયાત્રા નીકળશે, જે કથાસ્થળે પહોંચશે. આ ઉપરાંત તા. ૨૬ ઓગસ્ટના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## મોરાઈમાં નિર્માણાધિન બ્રિજ નીચેનો રોડ જોખમી

**ઉખડેલો અને ઊંચો ચઢાણવાળો સર્વિસ રોડ, હજારો વાહનચાલકોને રોજિંદી હાલાકી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૯ :** ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય મંથર ગતિએ ચાલી રહ્યું છે. પરંતુ બ્રિજ નીચેનો સર્વિસ રોડ અને એપ્રોચ રોડની દયનીય હાલતને કારણે અહીંથી પસાર થતા હજારો વાહનચાલકોને દરરોજ જીવના જોખમે અવરજવર કરવી પડી રહી છે.

બ્રિજ નીચેનો રોડ મોટાભાગે ઉખડેલી હાલતમાં છે. સાથે જ ચઢાણવાળો અને ઊંચો હોવાને કારણે બે પૈડાં તેમજ ચાર પૈડાં વાહનોને સંતુલન જાળવવામાં ભારે તકલીફ પડે છે. વરસાદમાં અહીં ખાડા પાણીથી ભરાઈ જતા અકસ્માતની ભીતિ પણ વધી ગઈ છે.

આ માર્ગનું મહત્વનું કારણ એ છે કે બ્રિજ નજીક વેલ્સપન, આલોક સહિત અનેક મોટી કંપનીઓ આવેલી છે. ઉપરાંત આગળ જતા મોરાઈ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક આવેલો છે. પરિણામે દરરોજ હજારો કામદારોની અવરજવર ઉપરાંત કંપનીઓમાં કાચો માલ અને તૈયાર માલની હેરફેર કરતા સેંકડો ટ્રક અને કન્ટેનર જેવા ભારે વાહનો પણ આ જ રોડ પરથી પસાર થાય છે. ભારે ટ્રાફિક અને ખરાબ રોડના કારણે અવારનવાર ટ્રાફિક જામ અને નાના અકસ્માતો પણ થઈ રહ્યા છે. સ્થાનિકો અને ઉદ્યોગકારોએ માંગ કરી છે કે બ્રિજનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી તંત્ર દ્વારા એપ્રોચ રોડનું તાત્કાલિક સમારકામ કરી તેને સમતલ અને સુરક્ષિત બનાવવામાં આવે, જેથી કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય.

**'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત**

## વાપીમાં ૧૩ કળશનું પૂજન અને મહાઆરતી કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર દેશ અને રાજ્યમાં સામાજિક સમરસતાનો સંદેશ પ્રસારિત કરવાના ઉમદા આશયથી 'સમરસતા સંકલ્પ અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત વાપી શહેર ભાજપ દ્વારા વાપી મહાનગરપાલિકા વિસ્તારના તમામ ૧૩ વોર્ડના ૧૩ કળશ વિવિધ ધાર્મિક સ્થળો અને મંદિરોમાં સ્થાપિત કરી મહાઆરતી તથા પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વાપી શહેર ભાજપના પ્રમુખ મનીષભાઈ દેસાઈ, મહામંત્રી વિરાજ દક્ષિણી, મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ તેમજ વિવિધ કમિટીના ચેરમેન અને ચૂંટાયેલા સભ્યો દ્વારા પોતપોતાના બોર્ડમાં આ કાર્યક્રમ કરાયો હતો

આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો ઉપરાંત ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

અભિયાન અંતર્ગત સ્થાપિત કરાયેલા કુલ ૧૩ મોટા કળશને હવે સૂચના મુજબ આગામી બે દિવસ દરમિયાન વાપીના ૧૩ વોર્ડના નાગરિકોના ઘરે લઈ જઈ પૂજન તથા દર્શનનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ સમગ્ર અભિયાન દ્વારા સામાજિક એકતા, ભાઈચારો અને સમરસતાનો સંદેશ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા
માટે વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

## વાપી રાજસ્થાની સમાજ મહિલા મંડળે તીજ સિંધરા ઉત્સવ ઉજવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૯ :** રાજસ્થાની સમાજ મહિલા મંડળે મંગળવારે હોટેલ રોયલ સેન્ટર ખાતે તીજ સિંધરા ઉત્સવની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરી. પરંપરાગત પોશાક પહેરેલી સેંકડો મહિલાઓની હાજરી એક ખાસ વાત હતી. કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પરંપરાગત નૃત્યો અને ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. મંડળના પ્રવક્તા સવિતા દાયમાએ જણાવ્યું હતું કે તીજ ઉત્સવથી પોતાનું કાર્ય શરૂ કરનાર મહિલા મંડળ આગામી અનેક કાર્યક્રમો દ્વારા સાંસ્કૃતિક, ધાર્મિક અને પ્રાચીન પરંપરાઓનું જતન કરવાના પ્રયાસો ચાલુ રાખશે. વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર મનીષા દાયમાનું સમુદાય દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મંડળના નેતાઓ ઈશા ખંડેલવાલ, મંજુ રાઠોડ અને કંચન પારીકએ કાર્યક્રમને સફળ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કંચન પારીકએ સ્ટેજનું સંચાલન કર્યું અને આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપી મનપા ઘરવેરા વિભાગની વધુ બે ઓનલાઈન સેવા શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૯ :** વાપી મહાનગરપાલિકા ઘરવેરા વિભાગની વધુ બે સેવાઓ ઓનલાઈન કરવામાં આવી છે. કરદાતાઓને વધુ સેવાઓ ઘરબેઠા ઉપલબ્ધ કરાવવા કમિશનર એન. એફ. ચૌધરી અને નાયબ કમિશનર કિરણસિંહ રણાના માર્ગદર્શન હેઠળ ઘરવેરા વિભાગનું વધુ ડીજીટાઈઝેશન કરવામાં આવ્યું છે. નાગરિકો માટે હવે આકારણી પત્રક અને બંને પ્રકારના પ્રોફેશનલ ટેક્ષ ભરવાની સુવિધા ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે. આ અંગે ટેક્ષ વિભાગના હેડ ક્લાર્ક રાકેશ ઠક્કરે વધુ માહિતી આપતા જણાવ્યું છે કે મિલકત ધારકે આકારણી પત્રક માટે વાપી મહાનગરપાલિકાની વેબસાઈટ vapicity.in ઉપર પોતાના રજીસ્ટર્ડ મોબાઈલ નંબરથી લોગ ઇન કરવાનું રહેશે.

ત્યાર બાદ જો પ્રોપર્ટી ટેક્ષ બાકી હોય તો તે પૂર્ણ કર્યા બાદ રૂા. ૨૦ ની સત્તાવાર ફી ભરીને ઓનલાઇન આકારણી પત્રક મેળવી શકાશે. આકારણી પત્રક માટે હવે કોઈ સહી સિક્કાની જરૂર રહેશે નહિ. આકારણી પત્રક પર મૂકવામાં આવેલ બારકોડથી પણ તેની ખરાઈ કરી શકાશે. પ્રોફેશનલ ટેક્ષના કરદાતાઓ માટે પણ RC (રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ) અને EC (એનરોલમેન્ટ સર્ટીફિકેટ) નોંધાવવાની તથા તેનો ટેક્ષ ભરવાની સેવાઓને હવે સંપૂર્ણપણે ઓનલાઈન કરવામાં આવી છે. પોતાના સ્વતંત્ર વ્યવસાય માટે EC ના કરદાતાઓ દર વર્ષે અને જે વેપારીઓ કે સંસ્થાઓ પોતાને ત્યાં કર્મચારીઓ રાખે છે તે ય્દ ના કરદાતાઓ દર મહીને વેબસાઈટ પર જરૂરી ફોર્મ ભરીને અપલોડ કરી પોતાનો પ્રોફેશનલ ટેક્ષ ઓનલાઈન ભરી શકશે.

ઘરવેરા વિભાગની યાદીમાં વધુમાં જણાવાયું છે કે પ્રોપર્ટી ટેક્ષ ઓનલાઈન ભરવાની સુવિધાનો કરદાતાઓ વધુ લાભ લે એ માટે માર્ચ-૨૦૨૭ સુધી ૧% રિબેટનો લાભ આપવામાં આવી રહેલ છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**